
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

## માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૪ ● ઓક્ટોબર ૨૦૧૬



લેસ્ટર મંદિર ૨૫મો પાટોત્સવ તથા ક્રોલી મંદિરનો ૧૦મો પાટોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

દીપાવલી – નૂતનવર્ષ દરમ્યાન આપ સૌ ઉત્સાહનું
સ્વાગતના [illegible] ને [illegible] ચિરાગ પ્રગટાવો [illegible]
વળી આપણે શ્રી સર્વાવતારી [illegible]
હરિના આશિષનો [illegible] નૂતનવર્ષ દરમ્યાન [illegible] હરિભ-
[illegible] શ્રી હરિને [illegible]
[illegible] –

[illegible] શ્રી હરિને [illegible]

[illegible] શ્રી હરિના [illegible]

[illegible] શ્રી હરિ [illegible]

[illegible] નૂતનવર્ષ [illegible]

[illegible]

[illegible] [illegible] [illegible]

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. લાલજી મહારાજ
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૪

ઓક્ટોબર-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રીફળ | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના સ્વરૂપનું ચિંતન | ૦૮ |
| ૦૫. | કૃતઘ્ની | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૯ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૩ |


# અસ્મદીયમ્

સમય સમયે જે થાય તેજ સાચું. સમય વહી ગયા પછી પરસ્તાવો થાય, પણ પછી તેનો કાંઈ અર્થ નહીં. સર્વઅવતારના અવતારી એવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને ચોર્યાસી લાખ જન્મ પછી આવો મોંઘો મનુષ્ય દેહ આપ્યો છે. અને તેમાંય આવા સત્સંગમાં જન્મ મળવો તે બહુ દુર્લભ છે છતાં આપણે જગતના પ્રવાહમાં માયામાં ખૂંતતા જ જઈએ છીએ. આપણને શાસ્ત્રોનું જ્ઞાન છે સમજણ છે તોય આપણે હજુ ભગવાનને ઓળખી શક્યા નથી. આ દેહ ક્ષણભંગુર છે ક્યારે પડી જશે તેની કોઈને ખબર નથી જેથી આજથી નક્કી કરી લ્યો કે હવે મારે ક્યાંય બંધાયા વિના ફક્ત ભગવાન શ્રીહરિ સાથે જોડાવું છે. રાત દિવસ ભગવાનનું ભજન કરીને અક્ષરધામમાં જ જવું છે. તોજ ભજન થશે. આપણે શ્રીજી મહારાજને નિત્યે પ્રાર્થના કરવી જે, અમારો સત્સંગ સદાય વૃધ્ધિ પામે, અને આપના સ્વરૂપમાં સદાય અખંડ વૃત્તિ રહે તેવું માંગવું.

‘‘અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃધ્ધિ પામે છે. ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણજ આવે અને સર્વે હરિભક્તોને મોટા સમજે. અને પોતાને ન્યુન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. એવા લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે શુભ વાસના વૃધ્ધિ પામી છે. અને તે જેમ જેમ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ સમાસ થતો જાય અને અતિશે મોટયપને પામી જાય છે. (વ.ગ.પ્ર.પ્ર. ૨૮)

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકોને શ્રીહરિ સ્મૃતિ સાથે સંવત ૨૦૭૩ ના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન સાથે અમારા ઘણા જ હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૬)



૩૧ ઓગસ્ટ થી ૬ સપ્ટેમ્બર શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (આઈ.એસ.એસ.ઓ.) અમેરિકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ થી ૧૨ લંડન લેસ્ટર (આઈ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી, શ્રી સ્વામિનારાયણ મંદિર ક્રોલી ગેટવીક (આઈ.એસ.એસ.ઓ.) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પધરામણી.

૨૧ થી ૩૦ અમેરિકા પધરામણી.




- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા શાસ્ત્રોમાં શ્રીફળને ચિંતામણીનું ઉપનામ આપવામાં આવ્યું છે. પુરાણોમાં શ્રીફળ વિષે ખૂબજ મહત્વ દર્શાવવા અધ્યાયોના અધ્યાય લખવામાં આવ્યા છે. દરેક ઉપાસના માર્ગવાળા શ્રીફળને અધિક સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ ફળ કહ્યું છે. ધાર્મિક, વ્યવહારિક માંગલિક પ્રસંગોમાં શ્રીફળ અગ્ર સ્થાન ધરાવે છે તેથી અધિક પરમાત્માના સ્વરૂપે દેવ - દેવી સ્વરૂપે પ્રતિક સ્વરૂપે શ્રીફળ સર્વ માન્ય સર્વગ્રાહ્ય નિર્વિવાદ મતે પ્રાચીન પરંપરાથી ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

શ્રીફળની ઉત્પત્તિ વિષે અનેક પ્રસંગો જણાવવામાં આવ્યા છે. જેમ કે પરમાત્માની આજ્ઞાથી જગત સર્જક પિતામહ બ્રહ્માજીએ વિશ્વની રચના કરી તે જીવ સૃષ્ટિ માટે કર્મફળ અને મોક્ષ માર્ગને સિધ્ધ કરવા અદ્‌ભુત ભેટ મળી, તે સમયે બ્રહ્માના માનસપુત્ર વિશ્વામિત્ર ઋષિ પોતાના તપોબળ ઐશ્વર્યથી બીજી એક સૃષ્ટિ જગતની રચના કરવા તૈયાર થયા. તેઓના તપોબળથી દેવ-દેવતા પરિચિત હતા એટલે જે ધારે તે કરવા સમર્થ હતા, તેથી પરબ્રહ્મ પરમાત્મા પ્રેરિત સૃષ્ટિની સાથે સાથે બીજી કોઈ સૃષ્ટિ અસ્તિત્વમાં આવે તો જગતમાં ભારે ઉથલ પાથલ થવાના સંજોગો આવે. વિશ્વામિત્રના તપોબળથી સર્જન કરવા સમર્થ હોવા છતાં પરમાત્માની ઈચ્છા હોય તેમજ બધું થાય છે.

જ્યારે રચનાને સમ્પૂર્ણ આકાર આપવાની તૈયારીઓ શરૂ કરી ત્યારે દેવ-દેવતા ભયભીત થયા અને મહર્ષિ વિશ્વામિત્રની પાસે જઈ આવું જગત સર્જન નહિ કરવા વિનંતી પ્રાર્થના કરી.

પરંતુ મહર્ષિએ બળવાન દઢ સંકલ્પ કર્યો હોવાથી તે સંકલ્પને અધુરો રાખવાથી પણ સંકલ્પરૂપી સૃષ્ટિથી ઘણા ગેર ફાયદાઓ થઈ શકે તેમ હતા તેથી સંકલ્પને સત્ય કરવા અનુસરીને દેવ-દેવતાની પ્રાર્થના સ્વીકારીને વચગાળાનો રસ્તો કાઢવા જગત પૃથ્વીની જગ્યાએ પ્રતિક રૂપે જગતમાં રહેલા બધા તત્વોથી સભર પૂર્ણ જગતના આકાર રૂપે શ્રીફળ પ્રગટ કર્યું. તેને આપણે આજે નાળિયેર કહીએ છીએ તથા શ્રીફળ કહીએ છીએ. સંસ્કૃતમાં નારિકેર કહે છે

શ્રીફળ નામ પડ્યુ તેના વિષે પણ એક કથા છુપાયેલી છે. એકવાર લક્ષ્મી અને નારાયણ સાગરના કિનારે વિચરણ કરી રહ્યા હતા. ચાલતા ચાલતા દૂર દૂર જંગલમાં પહોંચી ગયા ત્યારે ભગવાનને અતિશે તૃષા લાગી કંઠ સૂકાઈ ગયો બેહોશ બની ગયા તે સ્થાને જળ - નદી - તળાવ ઉપલબ્ધ ન હોવાથી લક્ષ્મીએ તાડના ફળને (નાળિયેર) લાવીને તેમાં રહેલું જળ ભગવાન નારાયણને પાન કરાવ્યું ત્યારે ભગવાન હોંશમાં આવ્યા અને પ્રસન્ન થઈને કહ્યું કે દેવી તમે મને આ ફળનું જળ આપીને જીવનદાન આપ્યું તો આ ફળ મને ખૂબજ પ્રિય યાદગાર બની રહેશે. હું તમારા તુલ્ય ફળને માનીશ. શ્રી એટલે લક્ષ્મી તે વખતે ભગવાન નારાયણે ફળનું નામ શ્રીફળ રાખ્યું અને વરદાન આપ્યું કે શ્રીફળથી જે પૂજા કરશે, શ્રીફળ અર્પણ કરશે તેની સર્વથા સર્વદા મનોકામના અમે પૂર્ણ કરીશું, આવી એક લીલા પ્રસંગ શ્રીફળના ઈતિહાસની અંદર છુપાયેલી છે.

સુકા શ્રીફળને છોલવામાં આવે ત્યારે જનરલ ત્રણ નેત્રો જોવા મળે છે. તેને બે આંખો અને એક મુખ (એક આંખવાળુ)નું પ્રતિક માનવામાં આવે છે. તેમાંથી દશ હજારમાંથી એક એકાક્ષી (એક આંખવાળુ) શ્રીફળ મળી જાય છે. તેનું આધ્યાત્મિક દષ્ટિએ અત્યન્ત મહત્વ છે. તેને ભાગ્યવર્ધક, સંપત્તિ કારક, સૌ ભાગ્યવર્ધક, ધન, ઐશ્વર્ય, સુખ, સમૃદ્ધિ સહિત આનંદ આપનારુ હોય છે. એકાક્ષી શ્રીફળ લક્ષ્મીને ખૂબજ પ્રિય છે. જ્યાં એવું શ્રીફળ હોય ત્યાં લક્ષ્મીજીનો અખંડ વાસ રહે છે. તેવા ઘરમાં કોઈપણ પ્રકારના તંત્ર મંત્ર જંત્ર કામણ - ટુમણ, મેલી વિદ્યા જાદુની કોઈ પણ પ્રકારની વિપરિત અસર થઈ શકતી નથી. તેમજ અષ્ટસિધ્ધિની પ્રાપ્તિ માટે એકાક્ષી પૂજા સર્વોત્તમ છે. જેમ શાલિગ્રામમાં વિષ્ણુ ભગવાનનો, નર્મદાજીના પથ્થરમાં શિવજીનો, તુલસી વૃક્ષમાં લક્ષ્મીજીનો તેવી રીતે એકાક્ષી શ્રીફળમાં લક્ષ્મીજીનો વાસ અખંડ રહે છે. તેમાં આવાહ્‌ન વિસર્જન કરવાની જરૂર નથી.

વૈદિક અને પૌરાણિક પૂજાવિધિમાં શ્રીફળ અનિવાર્ય

ગણાય છે. માંગલિક કાર્યોમાં શ્રીફળ વધેરવામાં આવે છે. તથા ભગવાનને પ્રિય હોવાથી શ્રીફળ અર્પણ કરવામાં આવે છે. ઘણા લોકો શ્રીફળની ભેટ આપવાની મનોકામના રાખતા હોય છે. ભગવાનને પ્રિય હોવાથી હનુમાનજીને અતિશય પ્રિય છે. એટલે ભક્તો હનુમાનજી પાસે શ્રીફળ વધેરતા હોય અથવા ચડાવતા હોય છે. આદિ કાળમાં મૂર્તિ પૂજાનો વિશેષ પ્રચાર જ્યારે ન હતો ત્યારે સાધકો શ્રીફળમાં પરબ્રહ્મ અથવા ઈષ્ટદેવને સ્થાપના કરીને પૂજા કરતા. એટલે તો આજે પણ પૂજાના સમયે મૂર્તિઓની આગળ શ્રીફળને મુકવામાં આવેજ છે.

યજ્ઞયાજ્ઞાદિ કર્મમાં સર્વકર્મ સમાપન સમયે અગ્નિદેવને અને તે તે દેવોને શ્રીફળ અર્પણ પૂર્ણાહુતિમાં કરે છે. એટલા માટે કે સમીધાઓ દ્રવ્યોમાં કોઈ કચાસ કમી ઉણપ રહી હોય તો શ્રીફળ પૂર્ણ કરે છે. કળશ સ્થાપનમાં ઘરમાં ઘટસ્થાપનામાં સૌભાગ્ય વૃધ્ધિદાયક વિવાહાદિક કાર્યોમાં શ્રીફળ અવશ્ય રાખવામાં આવે છે. કેટલાક લોકો ચાંદીને મઢીને રાખે છે. બજાર કિંમતની દૃષ્ટિએ સાવ સસ્તા ભાવમાં ઉપલબ્ધ શ્રીફળ પરંતુ આધ્યાત્મિક અને આરોગ્યની દૃષ્ટિએ અતિ મહત્વનું છે. શ્રીફળના વૃક્ષો મોટા ભાગે દરિયા કિનારે વિશેષ જોવા મળે છે. દરિયો સમૃદ્ધિનો ખજાનો છે એટલે તેને નિધિ શબ્દથી પ્રયોજાય છે. તો દરિયા તરફથી મળેલ માનવીને ખજાના રૂપી ભેટ એ શ્રીફળ છે. દરિયાના પેટાળમાં રત્નો ભર્યા હશે પણ કિનારે તે માયલું એક અણમોલ રત્ન એ શ્રીફળ છે.

મંદિરોમાં કળશની ઉપર શ્રીફળ મુકવામાં આવે છે. જે આજના સમયમાં તાંબા પિત્તળના બની ગયા છે. વાસ્તવમાં મંદિરની અંતિમ ટોચ પર પૂર્ણતાના પ્રતિક રૂપે શ્રીફળ મુકવામાં આવે છે એવી શિલ્પ શાસ્ત્રોનો મત્ત અને પરંપરા જોવા મળે છે.

પહેલાના જમાનામાં મુમુક્ષુઓ ભગવાન કે ગુરુને મળવા જાય ત્યારે શ્રીફળની ભેટ આપતા તથા વિવાહાદિકાર્યમાં વાગદાનમાં શ્રીફળ આજે પણ રાખવામાં આવે છે. સ્વામિનારાયણ ભગવાનને એક ભક્ત ખોટું શ્રીફળ ચરણે પધરાવીને કલ્યાણનો કોલ માગી ગયો હતો. તે વ્યક્તિની આધ્યાત્મિક ઉણપ શ્રીફળે પૂર્ણ કરીને મનોકામના પુરી કરી.

આરોગ્ય માટે શ્રીફળમાં રહેલા તત્વો જેવાં કે વિટામીન, પોટેશિયમ, ફાઈબર, કેલ્શિયમ, મેગ્નેશિયમ વિગેરે ભરપૂર માત્રામાં રહ્યાં છે. એક સાથે આટલા બધા તત્વો અન્ય કોઈ ફળમાં જોવા મળતા નથી. એટલે તેને ઔષધીનો રાજા તરીકે વિદ્વાનો માને છે. તેના ફાયદાઓ વિષેની વિસ્તૃત માહિતી  ગૂગલમાં તથા આયુર્વેદના શાસ્ત્રોમાં આપવામાં આવી છે. તેમજ તેમાં રહેલા તેલના પણ ફાયદાઓ જણાવેલ છે.

પુરાણોમાં જણાવેલ દાન વિધિમાં શ્રીફળનું દાન ઉત્તમ દાન છે. શ્રીફળમાં રહેલું જળ સૂકાઈ જવાથી પણ મહત્વ જરાપણ ઘટતું નથી. એકાક્ષી સિવાયના ઘરમાં પૂજામાં રાખેલા શ્રીફળને દર વર્ષે નવા મુકી બદલવાં અને તે જુનાને ભગવાનના મંદિરે અથવા નદીના જળ પ્રવાહમાં વહેતા મુકવાં. જ્યાં પ્રમાણિત મૂર્તિની પૂજા કરવામાં આવતી હોય તેવા ઘરમાં શ્રીફળની આવશ્યકતા રહેતી નથી.

શ્રીફળને પરંપરાથી ભક્તો ભગવાન-દેવ-દેવીના ચરણે ધરતા હોય છે. તથા સન્મુખ વધેરીને જળ સહિત ફળ ચરણે ચડાવે છે અને તેમાનો કેટલોક અંશ પ્રસાદના રૂપે ભક્ત સ્વીકારે છે. શ્રીફળ સૌભાગ્યનું પ્રતિક હોવાથી સ્ત્રીઓ માત્ર અર્પણ કરી શકે પરંતુ વધેરી શકે નહિ. તેમ કરવાથી સ્ત્રીનું સૌભાગ્ય ખંડિત થવાનો ભય રહે છે, તેથી બહેનોએ આ વાતનું ખાસ ધ્યાન રાખવું. તેમજ ભક્તોએ કાચા નાળિયેરના જળનો પીવામાં ઉપયોગ કરવો હોય તો ભગવાનને અર્પણ કરીને કરવો.

શ્રીફળનાં છોતરાં-કાચલી, ગર્ભ, જળના ગુણો અને તત્વો શક્તિ-ભક્તિ-બુદ્ધિ અને તંદુરસ્તી પ્રદાન કરે છે. તેમાંય જળ તો નવું જીવન આપનાર છે. દિપાવલીના સમયે શ્રીફળનું પૂજનનું ખૂબજ મહત્વ છે. તેથી સ્થાયી સંપત્તિ, ઐશ્વર્ય, બળબુધ્ધિ આપનારું છે.

શ્રીફળમાં લક્ષ્મીજીનો નિવાસ છે. તેથી સર્વે ભક્તજનો જ્યારે શ્રીફળ પરમાત્માને અર્પણ કરે છે ત્યારે એવો ભાવ હોય છે કે હે પરમકૃપાળુ પરમાત્મા ! આ શ્રીફળ રૂપી લક્ષ્મીજી-સંપત્તિ આપની જ છે તેમાં અમારું કાંઈ પણ નથી તેથી આપ તેનો સ્વીકાર કરો. આમ નિર્માનીપણાનો ભાવ, નિરઅંહકારીપણું તેનાથી આવે છે. સાચી સમજણ કે આ સંપત્તિ માત્ર પરમાત્માની જ છે તેમાં જીવે બંધાવું નહિ એ ભાવના દૃઢ થાય છે. શ્રીફળની જેમ ધર્મ નિયમ પાળવામાં ઉપરથી કઠોર થવું. જગતની પરવા કરવી નહિ. પરંતુ અંદરથી તો નાળિયેરના પાણી જેવા પ્રેમભીના જ રહેવું. પ્રભુમાં પ્રેમથી તરબોળ-ભીંજાયેલા જ રહેવું. આવી તો ઘણીક ઉચ્ચ પ્રકારની સમજણ આ શ્રીફળ આપે છે.



# શ્રીહરિના સ્વરૂપનું ચિંતન

- સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અંગોનું દર્શન સ્મરણ પૂર્વક ચિંતવન કરવાથી ચિત્તની વૃત્તિ એકાગ્ર થઈને જ્યારે તેમાં પરોવાય જાય છે ત્યારે પરબ્રહ્મ પરમાત્માના સાક્ષાત દર્શનનો લાભ જીવાત્માને પ્રાપ્ત થાય છે. તે યથાર્થ તથ્યને ધ્યાનમાં રાખીને પરમહંસોએ જે ચિંતવન કર્યું છે તેનાથી સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણના દર્શન કરવા માટેનો આ સરળ માર્ગ છે. આવી રીતે જ્યારે બ્રહ્માનંદ સ્વામી કે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી કે વાસુદેવાનંદવર્ણી પદો ગાતા ત્યારે સ્વયં શ્રીહરિ તે પદો સાંભળીને પ્રસન્ન થઈને સામે ચાલીને તેમને ભેટતાં અને અનેક પ્રકારના વરદાનો આપતાં. જેમ કે બ્રહ્માનંદ સ્વામીને એવું વરદાન આપ્યું કે આવા સુંદર તમારા રચેલાં કીર્તનોના કોઈપણ વ્યક્તિ ૧૦૦ પદો ગાશે તેને અમો સાક્ષાત્ પ્રસન્ન થઈને અમારી મૂર્તિના દિવ્ય દર્શન કરાવીશું. આવું જ વરદાન વર્ણીરાજ શ્રી વાસુદેવાનંદજીને તેમના રચેલાં સંસ્કૃત ભાષાના અષ્ટકો અર્થાનુસંધાન પૂર્વક ગાનાર ભક્તને પણ પ્રત્યક્ષ દર્શનનું વરદાન આપ્યું છે. તેવા સુંદર અષ્ટકો એક ચિત્તથી ગાવાથી કેટલાય અનુભવી સંતો અને ભક્તોને શ્રીજી મહારાજે કૃપા કરીને પોતાના દુર્લભ દિવ્ય દર્શન આપ્યા છે.

આવા દિવ્ય દર્શનની ઈચ્છા વાળા ભક્તો નંદ સંતોના રચેલા કીર્તનો અથવા અષ્ટકો ગાવા માટે શું ઉપાય કરવો જેથી પાંચસો પરમહંસોની જેમ જ આપણા ઉપર પણ શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના દિવ્ય દર્શન આપે. અનુભવી સંતો અને ભક્તોના અનુભવથી જાણેલ ઉપાય કંઈક આવી રીતનો જાણવા મળે છે. જે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

જે ભક્તોએ કીર્તન કે અષ્ટકો ગાઈને શ્રીહરિજીને પ્રસન્ન કરવા હોય તેમણે પ્રથમ પોતાને અતિ પ્રિય એવું કીર્તન કે અષ્ટક પસંદ કરીને તેને સારી રીતે ગાવું. જે ગાતાં ગાતાં શ્રીહરિની મૂર્તિમાં એક રસ થઈ જવાય તેમ ગાવું. આજુ બાજુમાં કોણ આવ્યું કે ગયું શું બોલે છે કે શું કહે છે તેના ઉપર ધ્યાન આપ્યા વિના પોતાના ગાનમાં એક ચિત્તથી પરોવાય જવાની ટેવ પાડવી. પછી બીજા પદો કે અષ્ટકો એક પછી એક સંપુટ આપીને ગાવા. જેમ કે, પોતાનું પ્રિય ગાન કર્યા પછી પસંદ કરેલા પદ કે અષ્ટકમાંથી એક ગાવું, પાછું વળી પોતાને પ્રિય ગાવું એમ એકસો આઠ પદો દરરોજ ગાવાથી શ્રીહરિના આપેલ વરદાન પ્રમાણે થોડાક જ દિવસોમાં શ્રીહરિની પ્રસન્નતાના દર્શન અવશ્યમેવ થયા વિના રહેશે નહીં. શિક્ષાપત્રીના શ્લોક ૫૭ માં કહેલ આજ્ઞા પ્રમાણે જે સંસ્કૃત ભાષા જાણતા હોય તેના માટે તો સંસ્કૃતના અષ્ટક ગાવા એજ પ્રથમ આજ્ઞા છે. કારણ કે સંસ્કૃત ભાષામાં રચાયેલી દરેક રચનામાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ વર્ણન અને સ્તુતિ છે. તેમાં ક્યાંય પણ પરોક્ષ રીતે ભગવાનને કહ્યા જ નથી. અને વળી તેમાં વિશેષતા એ છે કે કોઈ પણ નંદ સંતની રચના અષ્ટકના સ્વરૂપમાં હોય તે ગાવા માત્રથી શ્રીહરિએ આપેલ વર્ણીરાજ શ્રીવાસુદેવાનંદજીનું વચન સત્ય થાય છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અને બીજી સરળતા એ છે કે અષ્ટકો ફક્ત આઠ જ ગાવાથી આપેલ વચનની પૂર્ણતા થાય છે. આ અનુભવથી સિદ્ધ થયેલ સત્ય વાત છે.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું વર્ણન નંદ સંતોએ પોતાની કવિતાઓમાં અતિ રસાળ અને સરળ ભાષામાં સુંદરતાથી કરેલ છે. જેમાં એક એક અંગને વિવિધ પ્રકારની શ્રેષ્ઠત્તમ ઉપમાઓ આપીને રૂપ લાવણ્યતા અને કમનીયતાના ગુણગાન ગાયા છે. જે ગાનાર સાંભળનાર અને વિચારનાર સૌ કોઈના હૃદયમાં ચોટી જાય તેવું છે. તેથી વર્ણીરાજ નિષ્કામાનંદજીની રચનાનું એક અષ્ટક ॥ **માનસ ચિન્તય** ॥ ના અર્થનો વિચાર કરીએ તો મહારાજના અંગો કેવા સુંદર છે અને તેની ઉપમાઓ કેવી સાર્થક છે તે અંગોનું સુંદર ભાવવાહી શૈલીમાં વર્ણન કરેલ છે. દાસત્વભાવે ભગવાનના અંગોનું

વર્ણન કરવું હોય ત્યારે પ્રથમ મસ્તકથી પ્રારંભ કરી ચરણોમાં સમાપ્ત થાય તે દાસત્વ ભાવ દર્શાવે છે. રૂપ અને લીલાનું ગાન કરવા માટે પીલુ (છંદ) રાગ (માલકોસ) અષ્ટપદીમાં પસંદ કરેલ છે. જે મધુરતા અને ગંભીરતાના ભાવો દર્શાવે છે.

॥ पिलुरागेण गीयते ॥ अष्टपदी ॥

માનસ ચિન્તય ચારૂચરિત્રમ્,
પ્રેમવતિવૃષપુત્રમ્ પવિત્રમ્ મા. ॥ધ્રુવપદ॥
નૂતનમુદિતદયિતમંજુકાયે,
ચંદ્રવિશદવસનાનિ ધરંતં મા. ॥૧॥
કેસરતિલકલલિતનિજભાલે,
કુંકુમચંદ્રકધરમભિરામં મા. ॥૨॥
બિંદુપરિષ્કૃતશુભશ્રુતિયુગ્મે,
રત્નસુશોભિતકુણ્ડલધારં. મા. ॥૩॥
અંબકમધુપલસિતલપનાબ્જે,
કુન્દમુકુલસમહાસં દધાનં મા. ॥૪॥
રેખાવિરાજીતવરકમ્બુકણ્ઠે,
પુરૂવિધપુષ્પકનકમણિહારં મા. ॥૫॥
વિષધરવિગ્રહકલ્પકરદ્દ્વયે,
પુષ્પરચિતવલયાંગદધાર મા. ॥૬॥
હરિમદહરતનુમંજુલકટ્યામ્,
નંગખચિતચામીકરરસનાઢ્યમ્ મા. ॥૭॥
કરિકરકદલિકરભસમસક્થિમ્,
સુષમસુવૃત્તમુકુરરૂપજાનું મા. ॥૮॥
નૂપુરનાદિતચરણમુદારં,
નિષ્કામાનંદખિલિતાપહારં મા. ॥૯॥

मानस चिन्तय चारुचरित्रं प्रेमवतिवृषपुत्रं पवित्रं मा.
॥ध्रुवपद॥

**मानस** – હે માણસ જીવમાત્રને ઉદ્દેશીને, હે મન. **चिन्तय** – ચિંતન કર વિચાર કર, સ્મરણ કર, તારૂ સાચુ હિત ક્યાં છે. **चारु** – શ્રેષ્ઠ અતિ ઉત્તમ, મોક્ષ રૂપી હિતકરનાર, અતિપ્રિય હોય તે. **चरित्र** આચરણ, વિચરણ, ચરિત્ર, લીલા. **प्रेमवती** માતા ભક્તિદેવી, જેના હૃદયમાં હમેશાં સમગ્ર જીવ માટે નિર્દોષ પ્રેમ ભરેલો છે. **वृष** - ધર્મ, જે સદા શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે જ વર્તે છે. એવા ધર્મદેવ, હરિપ્રસાદ વિપ્ર. **पुत्र** - પુત્ર, સંતાન સ્વરૂપે જન્મેલાં પુંનામના નરકમાંથી તારે તેને પુત્ર કહેવાય. એવા શ્રીહરિ ઘનશ્યામ મહારાજ. **पवित्र** - સદા પવિત્ર, સ્મરણ કરવાથી પદાર્થમાત્ર પવિત્ર કરે એવા, મન કર્મ અને વચનથી સત્યનું વર્ણન કરવાવાળા નિત્ય શુદ્ધ સત્વગુણ મય. **ध्रुवपद** - અચળ સ્થાન, દરેક કડી પદ પંક્તિ અને (શ્લોક)ના અંતે ફરીથી રિપીટ કરવાનું છે તેને ધ્રુવપદ કહે છે.

હે મન ચિંતન કરવા જેવા પરમાત્માના અતિ ઉત્તમ શ્રેષ્ઠતમ એવા ચરિત્રો છે. જેના સ્મરણ માત્રથી ચિદ્ચિદ્ જડચેતન પદાર્થ માત્ર પવિત્ર થઈ જાય છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતન કર.

नूतनमुदितदयितमंजुकाये ।
चन्द्रविशदवसनानि धरन्तं म. ॥१॥

**नूतनं** - નવીન, નવા તાજા ચડી આવેલાં વાદળા જેવા, પ્રાતઃકાળે ઉગેલાં સૂર્ય જેવા, અન્યત્ર ન જોવા મળે તેવા. અષાડ માસના મેઘ સમાન. **उदीत** - પ્રાતઃકાળે ઉગેલા સૂર્ય સમાન, ચોમાસાના પ્રારંભે ચડી આવેલા ઘટાદાર વાદળો જેવા. **दयित** - દયાવાળા, કરૂણાદ્ર હૃદય હોવાથી અતિ દયાળુતાના કારણે. **मंजु** - સુડોળ, સુકોમળ, મંજુલ, જોનારાને મનમાં મોજ કરાવે તેવા. **कायं** - શરીરે, અંગો ઉપર. **चन्द्र** - શરદ પૂર્ણિમાનાં ચંદ્ર જેવા ઉજ્જવલ, સફેદ. **विशद** - વિશાલ, લાંબા. **वसनानि** - વસ્ત્રો, ધોતી ખેસ પાઘ અને જામો વિગેરે કપડા **धरन्तं** - પરિધારણ કરેલાં પહેરેલાં છે. સ્વીકારેલા છે. એવા.

અષાડ માસના નવા નવા પ્રાતઃકાળમાં ઉગેલા સૂર્યની સાથે તાજા મેઘની સમાન અતિ સુકોમળ શરીર ઉપર ચન્દ્રના જેવા સ્વેત, ઉજ્જવળ વસ્ત્રો પરિધારણ કરેલાં છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિન્તવન કર.

केसरतिलकललितनिजभाले ।
कुंकुमचन्द्रकधरमभिरामं मा. ॥२॥

**केसर** – કેસર યુક્ત ચંદનથી, કેસરી રંગીન **तिलक** - તિલક, ઉર્ધ્વપુંડ્ર તિલક, **ललित** - લાવણ્યમય, અતિસુંદર, **निज** - પોતાના. **भाले** - કપાળના મધ્યમાં, ભાલમાં. **कुंकुम** - કંકુનો લાલચટાકદાર. **चन्द्रक** - ચાંદલો **धरं** - ધારણ કરેલાં. **अभिराम** - અતિ શોભાયમાન રમણીય આનંદ દાયક.

પોતાના લાવણ્યમય અતિ સુંદર લલાટ ભાલ ઉપર કેસર યુક્ત ચંદનથી મનોહર ઉર્ધ્વપુન્ડ્ર તિલક ધારણ કરીને મધ્યમાં અતિ શોભાયમાન કુંકુમનો ચાંદલો પણ ધારણ કરેલાં એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. ।।૨।।

बिन्दुपरिष्कृतशुभश्रुतियुग्मे ।

रत्नसुशोभितकुण्डलधारं मा. ।।३।।

बिन्दु – તલ, નિશાન, ચિન્હ. परिष्कृत - સુશોભીત શણગાર કરેલા. शुभ - શુભ, સુખદાયક, श्रुति - બન્નેય કાન. युग्मे - બેય કાનના જોડલાં. रत्न - રત્નોથી, હીરાઓથી. सुशोभित - શોભાયમાન કરેલા, સુશોભીત. कुण्डल - કુંડળ, કાનના આભૂષણ धारं - ધારણ કરાવેલાં છે. પહેરાવેલા છે.

શ્રીહરિના અતિ શુભ બન્નેય કાનો ઉપર સુંદર તલના ચિન્હ શોભાયમાન છે. તેના ઉપર રત્નો હીરાઓ જડીને સુશોભીત કરેલા સુંદર કુંડળ ધારણ કરેલ એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. ।।૩।।

अम्बकमधुपलसितलपनाब्जे ।

कुन्दमुकुलसमहासं दधानं मा. ।।४।।

अम्बक – બેય આંખો, બન્નેય નેત્રો. मधुपल - ભ્રમરના જેવી, મધુરતાનો સાગર, જાણે મધનો મોટો મધપુડો. शितल - શિતલ, શાંતિદાયક, બરફ જેવા ઠંડા. पनाब्जे - પનાહ, ઉંડાણ, માપ સમુદ્રના તળીયા જેટલું. कुन्द - કુંદન, સુવર્ણ, સોના જેવા. मुकुल - મુકુલ, ચાંદની, પોયણાંના ફુલ. सम - સમાન, જેવા જ. हासं - હાસ્ય, હસવું, પ્રસન્નતા વ્યક્ત કરતા दधानं - ધારણ કરેલાં છે.

શ્રીહરિના નેત્રોની મધુરતા અને શિતલતા એવી છે કે સમુદ્રના સમાન ઉંડાણ વાળી છે. આંખો તો જાણે ભ્રમરના જેવી કાળી અને શાંત શિતલ છે. મુખાકૃતિ તો જાણે પૂર્ણિમાના વિકસીત ચંદ્ર સમાન છે. આવા સુંદર મુખથી હાસ્ય નિતરે છે ત્યારે સુવર્ણના પોયણાના ફુલ ખીલી ઉઠ્યા હોય તેવા સુંદર હાસ્યને ધારણ કરી રહેલા એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. ।।૪।।

रेखाविराजितवरकम्बुकण्ठे ।

पुरुविधपुष्पकनकमणिहार मा. ।।५।।

रेखा – ત્રિવળીની રેખા, લીટી, विराजीत - સુશોભાયમાન થયેલ છે. वर-श्रेष्ठ - શ્રેષ્ઠ, અતિ સુંદર. कम्बु - શંખ સમાન, ઘડાના જેવા ગળા વાળા. कण्ठे - ગળા ઉપર, કંઠ ઉપર, पुरु - આગળ, હૃદય ઉપર. विध - અનેક પ્રકારના, જાતજાતના. पुष्प - ફુલ, પુષ્પો અને कनक - સોનાના સુવર્ણના, मणि - મણકા, પારાનો. हार - હાર, માળા ધારણ કરેલા છે.

ત્રિવળીની રેખાઓ સુંદર શંખના સમાન આકૃતિ વાળા કંઠ ઉપર અતિ શોભાયમાન છે. એવા સોહામણા કંઠ ઉપર વિવિધ પ્રકારના રંગબેરંગી પુષ્પના હાર અને સુવર્ણના મણી અને હિરાથી સુશોભીત હારો ધારી રહ્યા છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. ।।૫।।

विषधरविग्रहकल्पकरद्वये ।

पुष्परचितवलयांगदधारं मा. ।।६।।

विषधर – ઝેરીલા કાળા નાગ, શેષનાગ. विग्रह - શરીર. कल्प - કલ્પના કરો એટલાં લાંબા कर - બેય હાથ द्वये - બન્નેય. पुष्प - ફુલ, પુષ્પ रचित - રચેલાં, બનાવેલાં. वलय વર્તુલ, ગજરા, બાજુબંધ. अंग - અંગો ઉપર, હાથો ઉપર. दधार - ધારણ કરેલાં છે, પહેરેલાં છે.

શ્રીહરિના અભય આપનારા કરકમળો એટલા લાંબા છે કે જાણે કલ્પના કરો કે શેષનાગનું શરીર જોઈલો, એવા લાંબા કરકમળોથી સદા ભક્તની રક્ષા કરનારા અથવા વાદળ જેવું શ્યામ જેમનું શરીર છે. અને બે સમર્થ એવા હાથમાં પુષ્પના ગજરા અને બાજુબંધ ધારણ કરેલા એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. ।।૬।।

हरिमदहरतनमंजुलकट्याम ।

नंखचितचामीकररसनाढ्यम् मा. ।।७।।

हरि – મદમસ્ત સિંહ, રાજા, વાનર, સ્વયં ભગવાન હરિ. मद - અભિમાન, અહંકાર. हर - નાશ કરનાર, હરનાર. तनु - શરીર, मंजुल - શોભાયમાન, સુશોભીત. कट्याम् - કેડ, કટીભાગ. नंग - હીરા, મણી. खचित - જડેલા, ચોટાડેલાં. चामीकर - કંદોરો, કટીમેખલાં. रसनाढ्यं - સોનાનો સુવર્ણમય.

મદ મસ્ત થઈને વનોમાં વિહરતાં સિંહને પોતાના શરીર અને કેડની શોભાનો જે અતિ ગર્વ છે. તેનો વિનાશ કરે એવી અત્યંત શોભાયમાન મંજુલ કમનીય કેડ્ય જેમની છે. જેના ઉપર અતિ કિંમતી મણી અને હિરા જડેલ સુવર્ણનો કંદોરો ધારણ કરેલ છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. ||૭||

करिकरकदलीकरभसमसक्थिम ।

सुषमसुवृत्तमुकुररुपजानुं मा. ||८||

**करिकर** – હાથીની સુંઢ, હાથીનો હાથ **कदली** કદલી - કેળનો સ્તંભ, કેળાનો ગર્ભ **करभ** ગર્ભ, અંદરનો ભાગ. **सम** - સમાન, જેવું. **सक्थि** - સાથળ, જાંઘ. **सुषम** - સમાન, સર્વપ્રકારે સમાન. **सुवृत्त** - એક સરખા ગોળ, સમાન વર્તુલાકાર. **मुकुर** - બટ મોગરાના પુષ્પ જેવા, મુક્તિદાયક. **रुप** સુંદર આકૃતિ **जानु** - ઢીંચણ, ગોઠણ.

બન્નેય સાથળો શ્રીહરિના એવા મજબુત છે કે જાણે હાથીની સૂંઢ હોય તેવા છે અને કોમળ તો એવા છે જેમ કેળના ગર્ભની જેમ સુકોમળ છે. ઢીંચણ તો જાણે પૂર્ણ ખિલેલા બટ મોગરાના પુષ્પ જેમ એક સરખા ગોળ વર્તુળ વાળા મુક્તિ આપનારા છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. ||૮||

नूपुरनादितचरणमुदारं ।

निष्कामानन्दनिखिलतापहारं मा. ||९||

**नूपुर** – નૂપુર તોડા **नादित** - અવાજ વાળા, નાદ કરવા વાળા, ધુઘરીના ધમકાર. **चरण** - ચરણ, પગ **उदारं** - ઉદાર મૂર્તિ, દયાવાળા. **निष्कामानन्द** - નિષ્કામાનંદનામ વાળા વર્ણીના, નિષ્કામી ભક્તોના, કામના વગરના ભક્તોના **निखिल** સર્વપ્રકારના બધા જ પ્રકારના **ताप** - કષ્ટને, દુઃખોને. **हारं** - દૂર કરવા વાળા, હરવાવાળા, નાશ કરે છે તેવા.

ઉદારતાની મૂર્તિ એવા શ્રીહરિએ ચરણોમાં ધારણ કરેલ નૂપૂરનો અવાજ સાંભળે તેના પણ તત્કાળ સમગ્ર જગતના ત્રિવિધ તાપને દૂર કરે છે. નિષ્કામ કામના રહિત સર્વ ભક્તોના અને નિષ્કામાનન્દ વર્ણિના બધાજ પ્રકારના તાપને દૂર કર્યા છે એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. ||૯||

આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણની ધેય ધ્યાન કરવા યોગ્ય મૂર્તિનું હૃદયના આંતર સ્તર સુધી નિમગ્ન કરીને અષ્ટક ગાવાથી કે સાંભળવાથી ત્રિવિધ તાપનો (આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક) તત્કાળ નાશ થાય છે.

## દીપોત્સવી કાર્યક્રમ

આસો સુદ-૮ ને રવિવાર તા. ૨૩-૧૦-૧૬ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૨ ગુરુવાર તા. ૨૭-૧૦-૨૦૧૬ મહાલક્ષ્મીપૂજન સવારે ૧૦-૫૭ થી બપોરે ૩-૧૨ સુધી સાંજે : ૪-૩૭થી ૭-૫૧ સુધી.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ શનિવાર તા. ૨૯-૧૦-૨૦૧૬ શ્રી હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૬-૪૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

**દિવાળી :** આસો વદ-૩૦ રવિવાર તા. ૩૦-૧૦-૨૦૧૬ **સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન** સાંજે ૬-૪૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૩** કારતક સુદ-૧ સોમવાર તા. ૩૧-૧૦-૨૦૧૬ **ગોવર્ધન પૂજા**

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**

**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**

**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો. (શ્રી કમલેશભાઈ ગોર)

# કૃતઘ્ની

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)



કૃતઘ્ની એટલે શું ? જે કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની કહેવાય, જીવનમાં જેને એક કાંટો કાઢ્યો હોય કે જેના થકી બે અક્ષર જાણ્યા હોઈએ તેને ક્યારે ન ભૂલાય. અને જો ભૂલાઈ જાય તો કૃતઘ્ની કહેવાય.

શ્રીજી મહારાજે પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦ માં વચનામૃતમાં જણાવ્યા મુજબ વનવિચરણ દરમ્યાન એક અદિત્ય અનુભવ નોંધ્યો છે. તે મુજબ ''પોતે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામ નામે સાધુ કે જે શ્રીમદ્ ભાગવત પુરાણ ભણ્યો હતો. તે માર્ગમાં માંદો પડ્યો, તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી પણ ચાકરીનો કરનાર કોઈ ન હતો, માટે રોવા લાગ્યો. તેના ઉપર દયા લાવી મહારાજે બે માસ સુધી સેવા ચાકરી કરી. સાધુ રૂપિયા આપી ને મહારાજ પાસે પોતાને જોઈએ તેટલું સીધું મંગાવીને મહારાજ પાસે રસોઈ કરાવડાવીને પોતે એકલો જમી જતો પણ તેમાંથી મહારાજને જમવાનું કહેતો ન હતો. મહારાજ તો વસતીમાં જઈ ભિક્ષાવૃત્તિમાં જે અન્ન મળતું તેમાંથી જમતા. અન્ન ન મળે ત્યારે ઉપવાસ થતો છતાં સેવકરામે પોતાના દ્રવ્યમાંથી મહારાજને જમાડવાનો ક્યારેય વિવેક કર્યો નહિ. સેવકરામને એક શેર ઘી જમીને પચાવે તેવો સાજો કર્યો તો પણ માર્ગમાં એક મણ જેટલો ભાર મહારાજ પાસે ઉપડાવે અને પોતે અમથો ચાલે. સાધુ જાણીને શ્રીજી મહારાજે આ બધુ સહન કર્યું. સાધુની ચાકરી કરી સાજો કર્યો પણ તે સાધુએ મહારાજને એક પૈસાભર અન્ન આપ્યું નહિ. પછી મહારાજે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો. આમ કરેલા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની કહેવાય. આ ઉપરાંત કોઈ મનુષ્યે કાંઈક પાપ કર્યું હોય અને તેણે તે પાપનું પ્રાયશ્ચિત યથાશાસ્ત્ર કર્યું હોય ત્યાર પછી પણ જો તેને પાપ યુક્ત જે કહે તેને પણ કૃતઘ્ની જેવો જાણવો.'' આવી જ વાત આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીએ એક વખત કાલુપુર મંદિરના સભા મંડપમાં કહેલું કે શ્રીજી મહારાજે આશ્રિતજનોના આત્યંતિક કલ્યાણ માટે નાની અગિયાર વર્ષની ઉંમરે સાત સાત વર્ષ સુધી વનવિચરણ કરી કઠીન દાખડો કરેલ છે, હવે આ દાખડાને આપણે ક્યારે પાર પાડ્યો કહેવાય કે જ્યારે શ્રીજી મહારાજે આપણને જે જે આજ્ઞાઓ કરી છે તેનું સાર-ધાર પાલન કરી ભજન ભક્તિથી મહારાજને રાજી કરીએ તો, નહિતર શ્રીજી મહારાજે કરેલો આવડો મોટો દાખડો આપણે નિરર્થક કર્યો કહેવાય. જે કૃતઘ્નીપણાનું પાપ આચર્યું કહેવાય. આવા કૃતઘ્નીનું શ્રીજી મહારાજ કોઈ કાળે કલ્યાણ કરતા નથી. કારણ કે એ મોટો પાપી છે. એટલા માટે શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૨૬ માં આજ્ઞા કરેલ છે કે ''જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય તેવું સત્ય વચન તે ક્યારે ન બોલવુ. અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો.'' મહારાજે સેવા કરવાનું દ્રષ્ટાંત આપી જીવનનું કલ્યાણ બગડી ન જાય તેની તકેદારી માટે આપણામાં કૃતઘ્નીપણું તો આવી જતું નથી ને ? તે સતત્ તપાસ રાખવાની ટકોર કરી છે. હવે આપણને થાય છે કે કૃતઘ્નીની વ્યાખ્યામાં કોણ આવે ? તો દરેક જીવ ગર્ભયાતના દુઃખ માથી મુક્ત થવા ગર્ભમાં પરમાત્માને ભજન-ભક્તિ કરી પરમાત્માને સતત પ્રાર્થના કરી અને ગર્ભયાતનામાંથી મુક્ત થયા બાદ પરમાત્માની ભજન-ભક્તિને ભૂલીને જગતના વ્યવહારમાં લાગી પડે તે સર્વે જીવો કૃતઘ્ની કહેવાય. માટે પરમાત્માએ કરેલા અગણિત ઉપકારોને ક્યારેય ન ભૂલાવા જોઈએ. તેવીજ રીતે માત-પિતા અસહ્ય દુઃખ વેઠીને પણ પોતાના બાળકને અત્યંત પ્રેમથી ઉછેરીને મોટા કરે છે. દીકરાઓ મોટા થઈ સક્ષમ થઈ ગયા બાદ માત-પિતાના કરેલા

કૃત્યોને ભૂલી જઈને વૃધ્ધાપણામાં તેમની અવજ્ઞા કરીને દુઃખી કરતાં હોય અને ઘરના ખૂણામાં વૃધ્ધ માતા-પિતાને કણસતા રાખીને દેવ-મંદિરોમાં મોટા થઈને ફરે તે પણ એક મોટા પાપી અને કૃતધ્ની છે. એટલા માટે શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૩૯ માં આજ્ઞા કરેલ છે કે ‘‘અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવન પર્યંત પોતાના સામર્થ પ્રમાણે કરવી.’’ અને જો પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને આ આજ્ઞાનો ક્યારેય લોપ ન થાય તેની તકેદારી રાખવી.

તેવીજ રીતે શિક્ષાપત્રી શ્લોક ૧૨૮ માં ‘‘અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા છે એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમને મુમુક્ષુજનને દીક્ષા આપવી.’’ (ગુરુ મંત્ર) આ આજ્ઞા મુજબ ધર્મવંશી આચાર્ય મહારાજ મારફતે ગુરુમંત્ર લઈ દેવ-આચાર્યને વફાદાર રહેવું. પણ જો શરણમંત્ર આપેલા ગુરુના આશ્રયનો ત્યાગ કર્યો હોય તો આપેલો શરણમંત્રનો આપોઆપ ત્યાગ થઈ જાય છે. તેને પણ મોટો કૃતધ્ની કહેવાય. પરિણામે આત્યંતિક કલ્યાણથી હાથ ધોવા પડે. શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણ ૧ લા વચનામૃતમાં કહ્યું છે તેમ ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે જ્યારે દેહને મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે, કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને ભગવાનનાં ધામમાં જાય છે.’’ જો ધર્મવંશી આચાર્યના આશરામાં રહેતો હોય તો ?

તેવી જ રીતે શિક્ષાપત્રીનાં ઉપરોક્ત શ્લોક મુજબ પાકી દીક્ષા એટલે ત્યાગીની દીક્ષા પણ ધર્મવંશી આચાર્ય મહારાજ પાસેથી લેવાની હોય છે. સંત દીક્ષા શુભ આશયથી લઈ ફક્ત આશરામાં રહીને ભગવાનનું ભજન કરી આત્મશ્રેય કરવાનો હોય છે. પરંતુ સત્સંગમાં ભજન-ભક્તિના પ્રતાપે થોડી મોટપની પ્રાપ્તિ થતા દેહાભિમાન વૃધ્ધિ થતા જેના થકી દીક્ષા લઈ સંત થયા છે તેવા ધર્મવંશી આચાર્યના આશરાનો ત્યાગ કરી મન-મુખી જીવન જીવતા પોતાના સ્વતંત્ર મઠ બનાવી જુદો ચોકો મહારાજની આજ્ઞા વિરૂદ્ધ આચરે છે તે પણ એક મોટો કૃતધ્ની અને પાપી છે. લાખો કરોડો રૂપિયાની સંપત્તિ ભલા-ભોળા લોકોને ભરમાવીને પોતાના વ્યક્તિગત નામે ઉભી કરવામાં આવે છે. ત્યાગીની દીક્ષા ગ્રહણ કરી ત્યારે સંતજનનો આશય ધર્મવંશી આચાર્યની આજ્ઞામાં રહી અક્ષરધામની પ્રાપ્તિનો હતો હવે એમને કઈ પ્રાપ્તિ થશે એતો શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ લખેલ છે. જે સર્વે વિદિત છે. આવા કૃતધ્ની લોકોનો સત્વરે ત્યાગ કરવો એવી શ્રીજી મહારાજની આજ્ઞા છે. કારણ આવા કૃતધ્ની લોકોનું કોઈ કાળે કલ્યાણ થતું નથી. માટે કૃતધ્નીના સંગે જે રહે તેનું પણ કલ્યાણ ખોટું થઈ જાય છે.

થોડા કાળ જીવવું છે તો પોતાનું આત્યંતિક કલ્યાણ સાધવા કૃતધ્નીપણાનો ત્યાગ કરવો તેમજ કૃતધ્નીનાં સંગનો ત્યાગ કરી શ્રીજી મહારાજની આજ્ઞા શિરોમાન્ય રાખી જીવન કૃતાર્થ બનાવવું.

## નવા મહંત સ્વામીની નિયુક્તિ

**ધોળકા : શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકાના મહંત પદે સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજીને નિયુક્ત કર્યા છે.**

**ઈડર : શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરના મહંત પદે સ.ગુ. શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી ને નિયુક્ત કર્યા છે.**

## નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૬ અંક સંયુક્ત પ્રકાશિત થશે

**શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો - સભ્યોને જણાવવાનું કે, આગામી નવેમ્બર - ડિસેમ્બર - ૨૦૧૬ શ્રીસ્વામિનારાયણ માસિક સંયુક્ત (બંને ભેગા) અંક રૂપે પ્રકાશિત થશે અને તે નવેમ્બરની આખરમાં મેઈલ કરવામાં આવશે. તેની સૌને જાણ થાય.**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



પહેલા



પછી

તાજેતરમાં ઉરી ખાતે ભારતીય સૈનિકો પર પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ એ હુમલો કરતા આપણા ૧૮ જવાનો શહીદ થયા. આખા દેશને ખૂબ આઘાત લાગ્યો અને સૌની એક જ વાત હતી કે આપણે પણ બદલો લેવો. તેના જવાબી હુમલામાં આપણા સૈનિકો પાકિસ્તાનમાં જઈ આંતકીઓને મારી આવ્યા. આ એક મિશન હતું જે સૈન્ય એ બહાદુરી પૂર્વક કુનેહથી  પાર પાડ્યું. આવા મિશન દરેકના જીવન કાળમાં આવતા હોય છે અથવા બનાવવા પડતા હોય છે.

પ.પૂ.મોટા બાપજીએ મ્યુઝિયમ બનાવી શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓથી આપણને સૌને અવગત કરાવવાનું અને તે થકી આપણને મનની સુખ શાંતિ કે મહારાજના દર્શનનો અનુભવ કરાવવાનું મિશન શરૂ કરેલ જે શ્રીજી મહારાજની કૃપાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પથી પૂર્ણ થયું છે. આવુ અદ્વિતીય મ્યુઝિયમ એ આપણા સંપ્રદાયનો સ્ક્રિનશોટ છે. સંપ્રદાયના આકાશમાં રોજ ઉગી નીકળતી પૂનમ એટલે આપણું મ્યુઝિયમ.

મ્યુઝિયમ હવે મ્યુઝિયમમાંથી મંદિર બની રહ્યું છે. કારણ કે મંદિરની માફક હવે અહીં લોકો વારંવાર આવે છે, આવ્યા વગર રહી નથી શકતા...ઘેર ગયા બાદ કોઈકને ચરણારવિંદની છાપ પાડી આપતા શ્રીજી દેખાય છે તો કોઈને જેતલપુરના યજ્ઞના શ્લોક સંભળાય છે તો કોઈ કલા ભગતની જેમ લોખંડના દડા પકડવાની વેદના અનુભવી ને તેમાંથી સુખદ પાર પડયાનો અનુભવ કરે છે. તો વળી કેટલાક શ્રીજી મહારાજે વગાડેલ વાંસળીના સૂરો સાંભળવાની જાહોજલાલી ભોગવે છે. અને આ બધી ઘટનાઓ તેમને વારંવાર મ્યુઝિયમ લઈ આવે છે.

હાલમાં મ્યુઝિયમના ૧ નંબરના હોલમાં રખાયેલ અમદાવાદ મંદિરના ત્રણેય મૂળ દરવાજા પૈકી શ્રી રાધાકૃષ્ણદેવના દરવાજાનું જાળવણી - પ્રિઝર્વેશનનું કાર્ય ચાલી રહ્યું છે.તેની સેવા એક હરિભક્ત કરી રહ્યા છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૧,૬૯,૬૧૦/- | અ.નિ. વિદ્યાકુમારી પાંડે (બચીબેન - ધર્મકુળ) હ. પ.પૂ. મોટા મહારાજશ્રી - સ્વામિનારાયણ મંદિર (હવેલી) કાલુપુર, |
| રૂા. ૫૧,૦૦૦/- | અ.નિ. નંદલાલભાઈ ભાઈચંદભાઈ કોઠારી (ભાલજા સાહેબ મંડળ) - અમદાવાદ. હ. જસવંતભાઈ અમુલખભાઈ દોશી |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર સ્વીડનના ૨૫ માં પાટોત્સવ પ્રસંગે હ. નરોતમભાઈ |
| રૂા. ૩૦,૦૦૦/- | અ.નિ. વ્યોમેશભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ - નારણપુરા |
| રૂા. ૨૫,૦૦૦/- | નરોતમભાઈ પટેલ - કચ્છ |
| રૂા. ૨૧,૦૦૦/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ - અમદાવાદ. પ્રે. નંદલાલભાઈ કોઠારી. હ. હરિશભાઈ અમરશીભાઈ ગોહિલ |
| રૂા. ૨૧,૦૦૦/- | એચ. આર. શાહ - અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | વસંતભાઈ તથા દેવિકાબેન ત્રિવેદી - શિકાગો |
| રૂા. ૧૧,૦૦૦/- | અ.નિ. દિવાળીબેન સવજીભાઈ ચૌહાણ (ધુળકોટ) સુરત હ. સવજીભાઈ તળશીભાઈ ચૌહાણ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - સાયન્સ સીટી. |
| રૂા. ૬,૭૦૦/- | પ.ભ. વિભાકર એસ. પંડ્યા (ભાલજા સાહેબ મંડળ) - અમદાવાદ. જન્મદિન નિમિત્તે. |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા - એડવોકેટ - સાહેબના જન્મ દિવસ (ભા.વ. ૧૦) નિમિત્તે હેતરૂચિવાળા હરિભક્તો તરફથી હ. પ્રબોધભાઈ ઝાલા |
| રૂા. ૫,૦૦૧/- | એક હરિભક્ત - નારણપુરા |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. રમાબેન ગોકળદાસ ગાંજાવાલાના સ્મરણાર્થે - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | લાભુભાઈ શીવલાલભાઈ પટેલ - કલ્યાણપુરા |
| રૂા. ૫,૦૦૦/- | નિર્મળાબેન હરિકૃષ્ણભાઈ પટેલ - સાપાવાડા |
| રૂા. ૫,૦૦૦/- | ડાહ્યાભાઈ આર. પ્રજાપતી - બોપલ. |
| | અ.નિ. ભાલજા સાહેબના જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | જશવંતલાલ અમુલખભાઈ દોશી - કાલુપુર |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - સપ્ટેમ્બર - ૨૦૧૬

| | |
|---|---|
| તા. ૦૧-૦૯-૨૦૧૬ | શા.સ્વા. શ્રી હરિકેશવદાસજી ગાંધીનગરની પ્રેરણાથી કૌશિકભાઈ કાંતિલાલ ભાવસાર સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ તે નિમિત્તે - ચાંદલોડીયા |
| ૦૫-૦૯-૨૦૧૬ | શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે પ્રસાદીના ગણપતિનું સમૂહ મહાપૂજન મુખ્ય યજમાન નરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, નારણપુરા |
| ૧૧-૦૯-૨૦૧૬ | રમેશચંદ્ર મણીલાલ ભાવસાર - સેટેલાઈટ |
| ૧૮-૦૯-૨૦૧૬ | (સવારે) સિધ્ધાર્થ યુવરાજ મોદી - અમદાવાદ |
| | (૧૧ વાગે) પટેલ બેચરભાઈ કરશનભાઈ લાલોડા પ્રે. વિશ્વપ્રકાશ સ્વામી |

### તા. ૨૯-૧૦-૨૦૧૬ શનિવાર શ્રી હનુમાનજીનું પૂજન

શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર આસોવદી ચતુર્થદર્શીનાદિવસે શ્રી હનુમાનજીનું પૂજન કરવું તે મુજબ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રીજી મહારાજના કર કમળવડે પૂજાયેલા શ્રી હનુમાનજીનું પૂજન તા. ૨૯-૧૦-૨૦૧૬ ને શનિવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. પૂજામાં સજોડે અથવા બે વ્યક્તિ રૂા. ૧૧૦૦/- ભરી બેસી શકશે તથા પૂજામાં બેસનારે પ્રસાદ મ્યુઝિયમમાં લેવાનો રહેશે.

વધુ જાણકારી માટે સંપર્ક : મ્યુઝિયમ : ૦૭૯-૨૭૪૮૯૫૯૭ તથા દાસભાઈ મો. : ૯૯૨૫૦૪૨૬૮૬

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શ્રીહરિની કૃપાથી જય જયકાર

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

શ્રીજી મહારાજ જેતલપુરમાં મહોલમાં બિરાજતા હતા. મહોલ એટલે કાંઈ રાજ મહેલ નહી. જેતલપુરની યાત્રા કરવા જાવ ત્યારે દેવસરોવરના કિનારે જે મકાન છે એનું નામ સંતોએ પાડ્યું છે બ્રહ્મમહોલ. મહારાજ જ્યારે પણ જેતલપુર પધારતા ત્યારે ત્યાં જ ઉતારો રહેતો. આનંદ સ્વામી મહોલમાં મહારાજ પાસે આવ્યાં. અને કહ્યું. પ્રભુ ! ગજબ થઈ ગયો. ઘી ખૂટી ગયું છે. આ જેતલપુર યજ્ઞમાં બધા ભૂદેવો બૂમો પાડે છે. જેનો અવાજ અહીંયા સુધી સંભળાય છે. આનંદ સ્વામી એ વખતે થોડા વ્યગ્ર હતા. પણ મહારાજ વ્યગ્ર ન થયા. એ તો મહારાજ સામે જોઈને હસ્યા. કોઈ પણ પરિસ્થિતિ હોય ભગવાનના મુખ ઉપર મંદહાસ્ય જ હોય. માણસના મોઢાં ઉપર જાતજાતનાં ભાવ દેખાય. ઉનાળો દેખાય, શિયાળો દેખાય અને ચોમાસું પણ દેખાય. માણસના મોઢાં ઉપર બધું દેખાય. પરસેવાથી રેબઝેબ દેખાય એટલે સમજવું કે ચોમાસું બેસી ગયું અને મોઢું સાવ બેવડું વળી ગયું હોય તો સમજવું કે ઉનાળો આવી ગયો અને ક્યારેક ધ્રૂજવા માંડે ત્યારે સમજવું કે શિયાળો શરૂ થયો. માણસનાં મોઢાં ઉપર ઋતુ-ઋતુના ભાવો છે. પણ પરમાત્માના મુખ સામે દૃષ્ટિ કરીએ તો मंद हास रुचिराननाम्बुजम् ભગવાન કાયમ હસતા રહે છે. કારણ કે જગતભરની ચિંતાઓ, ઉદ્‌વેગો પ્રભુને સ્પર્શ કરી શકતા નથી. પરમાત્માને કોઈ પણ ભાવ અડી ન શકે. રાગનો, દ્વેષનો, ક્રોધનો, તોફાનનો... ઈશ્વરની લીલા બહુ અલૌકિક છે. સંસારમાં પધારે છે છતાં પોતાનું આ દિવ્યપણું અખંડ દેખાય છે.

આનંદ સ્વામીએ વાત રજૂ કરી કે મહારાજ ! યજ્ઞમાં ઘી આવવાનું હતું પણ આવ્યું નથી. અને આ બાજુ ભૂદેવો ઘી આપો, ઘી આપોની બૂમો પાડે છે. શ્રીજી મહારાજ મંદહાસ્યથી વાત સાંભળી રહ્યાં. સ્વામી તમે ચિંતા ન કરો. પણ મહારાજ હમણાં તોફાન થઈ પડશે. આ તો કાબુમાં નહી રહે. ઘી આપો. ઘી આપો કહેતા ગામ ગજવશે. મહારાજ કહે, તો આપણાં આ બધાં કાર્યકરો બેઠાં છે એ શું કરે છે ? મહારાજ ! એમની પાસે ઘી છે નહીં.

મહારાજે કહ્યું, સ્વામી ! ચાલો અમે ત્યાં આવીએ છીએ. મહારાજ ઉભા થયાં. સુંદર પાઘ મસ્તક ઉપર જમણાં હાથમાં નેતરની સોટી, ડાબો હાથ કેડ ઉપર રાખ્યો અને ગજગતિ ચાલે ચાલતા ચાલતા જ્યાં બધાં રસકસના ભંડાર હતા ત્યાં પ્રભુ પધાર્યા. અત્યારની ભાષામાં કહીએ તો સ્ટોરમાં પ્રભુ પધાર્યા. આવીને તરત જ પાર્ષદો સેવા કરતા હતા એને પ્રભુ કહેવા લાગ્યા શું છે આ બધું ? મહારાજ ! આ બધા ઘી માંગે છે પણ અહીં ઘી આવ્યું નથી અને આપણી પાસે ક્યાંય પણ નથી. શ્રીજી મહારાજ કહે, આ બધાં કુંડલાં પડ્યાં છે ને ! અત્યારની જેમ ડબાઓ નહોતા, અરે શોધ પણ નહોતી થઈ. એ સમયમાં ઘીની હેરાફેરી કરવા માટે ચામડાનાં મોટાં મોટાં આકારના કુંડલા બનાવતાં. અરે ઘાસની સળીઓ હોય, કરંડીયાની જેમ અને બેય બાજુ ચામડું મઢી દેવાતું. અને એમાં પછી ઘી રખાતું. બગડતું પણ નહીં. અને એ ઘી સ્વીકાર્ય બનતું. દરેક યજ્ઞ કાર્યમાં, ધર્મ કાર્યમાં કે ભોજન કાર્યમાં આ રીતે જ આ ચામડાંના કુંડલામાં જ ઘી રખાતું.

શ્રીજી મહારાજે સોટી લંબાવીને કહ્યું કે, આ બધા કુંડલા તો છે. એટલે પાર્ષદો જે સેવામાં હતા એ બોલ્યા, મહારાજ ! એ બધાં કુંડલાં ખાલી છે. મહારાજ કહે છે આ એકમાં જુઓ ઘી તો દેખાય છે. એટલે એક સેવાભાવી ભક્ત હસ્યા અને બોલ્યા. મહારાજ ! એટલું ઘી તો આંખમાં આંજવાય પહોંચે નહીં. હજારો ભૂદેવોની રસોઈમાં એ માંડ અડધો મણ જેટલું ઘી છે. શાકનો વઘારેય ન થાય. મહારાજ કહે છે ચિંતા ન કરશો ગભરાશો નહી. આટલું ઘી તો ઘણું છે. લાવો જલ્દી એ કુંડલું અહીં અધ્ધર મુકો. અને એ અડધા મણ ઘી નું કુંડલુ કોઈ પાત્ર ઉપર ઉંચે મુક્યું. મહારાજ કહે, કહી દો આ ભૂદેવોને બૂમો શાના પાડે છે, અહીંથી જેટલું જોઈએ તેટલું ઘી લઈ જાવ. ભૂદેવો વિચારવા લાગ્યા. અલ્યા, ઘી હતું નહીં તો ક્યાંથી આવ્યું ! છાતી કાઢીને બોલે છે કે ઘી

લઈ જાવ. ઘી આવ્યું ક્યાંથી ? આપણે તો પાકા પાયે વ્યવસ્થા કરી છે. એકેય ગાડામાં ઘી અહીં પહોંચે નહીં અને આમની પાસે ઘી આવ્યું ક્યાંથી ?

ઉદાર મનથી આપો. જેટલું જોઈએ એટલું આપો. પણ મહારાજ, આ તો ઢોળી નાંખશે. ઢોળવા દો, કાંઈ વાંધો નહી. મહારાજે સોટી અડાડી હતી એ કુંડલામાંથી ઘી આવવા જ માંડ્યું. મોટા મોટા પાત્ર મૂકાવા માંડ્યા. લઈ જાવ... લઈ જાવ.... બધી બૂમો બંધ થઈ ગઈ. અને આ પાર્ષદો ઘી આપવા લાગ્યા. બાવીસ હજાર ભૂદેવોના રસોડાને આ ઘી પુરૂં પાડ્યું.

મિત્રો ! જો સાચી રીતે સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારીશુંતો પાણી તો શું ઘી ની પણ રેલમછેલ રહેશે. સ્વામિનારાયણ ભગવાને જેતલપુરના યજ્ઞમાં ઘીના કુંડલાને સોટી અડાડીને પછી એમાંથી ઘી આવ્યાજ કર્યું. તે હજુ પણ ચાલું જ છે. આજ પણ સંપ્રદાયમાં ક્યાંય ઘી ખૂટતું નથી. અને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવતા ભક્તોના ઘરમાં પણ ઘી ખૂટતું નથી. આ બધો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે. ભગવાનના પ્રતાપે ભક્તોના ઘરમાં અને ભક્તોના મનમાં સદાય સુખ સદાય આનંદ ભરપુર રહે છે.

●

## ભગવાન સૌનું સારૂં કરે છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માનવ માત્રનો એક એવો સ્વભાવ છે કે કોઈ પણ સફળતા મળે કે જે કાંઈ સારૂ થયું તે મેં કર્યું અને કાંઈ અસફળતા મળે તો તે માટે ભગવાનને અને ભાગ્યને જવાબદાર ઠેરવે છે. એક સમયની વાત છે.

આપણા ઈષ્ટદેવ શ્રીહરિ એકવાર સંતો, હરિભક્તો અને કાઠી પાર્ષદો વચ્ચે શોભતા કોઈ વાડીના શેઢેથી પસાર થઈ રહ્યા હતા. વાડીમાં ઘઉં વાવેલા હતા અને સારો પાક તૈયાર થયો હતો. મહારાજ જ્યારે પસાર થઈ રહ્યા હતા ત્યારે તે વાડીનો માલિક ખેડૂત ત્યાં આંટા મારી રહ્યો હતો. મહારાજની નજર અને આ ખેડૂતની નજર એક થઈને મહારાજે તે ખેડૂતને પૂછ્યું પટેલ ! ઘઉં બહુ સારા થયા છે. શું વાત છે ? ત્યારે વાડીનાં પટેલે મલકાતાં મલકાતાં જવાબ આપ્યો. પ્રભુ! કેમ સારા ન થાય ? આ ખેતર ખૂબ મહેનત કરીને ખેડ્યું છે. સારું એવું ખાતર નાંખ્યું છે. જરૂરિયાત મુજબનું પાણી પાયું છે, રાત-દિવસ જોયા વિના સખત કાળી મહેનતને મજૂરી કરી છે. તો પછી ઘઉં સારા થાય જને ! એમાં નવાઈ શું છે ?

શ્રીહરિ આ પટેલનો જવાબ સાંભળી કાંઈ બોલ્યા તો નહી પણ મંદ મંદ હાસ્યે સહિત પસાર થઈ ગયા. પેલો ખેડૂત પણ જાણે પોતે કેવો સુંદર જવાબ આપ્યો તે વિચારી ખુશ થતો પોતાના ખેતરમાં આંટા મારતો રહ્યો. થોડા દિવસો વિત્યા પછી શ્રીહરિને એ જ રસ્તેથી પાછા વળવાનું થયું. પ્રભુએ જોયું તો ઘઉંને પાક્યા પહેલાં જ વાઢીને ખેતરના શેઢે ઢગલા કરાઈ રહ્યાં હતા. પેલા પટેલ પણ ત્યાં જ હતા પણ ચહેરો સાવ ઉદાસ હતો. ચહેરા પર મુંઝવણના ભાવ સ્પષ્ટ દેખાઈરહ્યા હતા. તેમને જોઈને શ્રીહરિએ પૂછ્યું - કેમ પટેલ ! આવું કેમ કરો છો ? ઘઉં વહેલા કેમ વાઢી નાંખ્યા ? તો ખેડૂત કહે - પ્રભુ ! શું કરીએ? ભગવાને ઘઉંમાં એવો તે ગેરૂ (ઘઉંમાં થતો એક રોગ) મેલ્યો કે એકે દાણો થયો નહીં. બધો પાક નકામો ગયો. છેક મોઢા પાસે આવેલો કોળીયો ભગવાને ઝુંટવી લીધો. શું કરીએ ! ગેરૂ આવ્યો એટલે હવે તો શું કામ લાગે, તેથી વાઢી નાંખીને ઢગલા કરીએ છીએ. પટેલે વાત પુરી કરી પણ ભગવાન આ વખતે પણ કાંઈ બોલ્યા વિના ત્યાંથી આગળ ચાલવા માંડ્યા.

થોડા દૂર નીકળ્યા પછી ભગવાન સંતોને કહેવા લાગ્યા. હે સંતો ! જીવોના સ્વભાવ તો જુઓ. સારૂ કર્યું છે એ મેં કર્યું છે. અને અત્યારે આ ઘઉં બગડી ગયા ત્યારે કહે છે, ભગવાને ઘઉં બગાડી નાંખ્યા. સારૂ કર્યું તો મેં કર્યું અને બગડ્યું તો ભગવાને બગાડ્યું. જીવની આવી અવળી વિચાર સરણી, આવી અવળી બુધ્ધિ જ જીવના દુઃખ અને ઉદ્વેગનું કારણ છે.

કોઈ વિદ્યાર્થી હોય ને તેને પણ જો સારા માર્કસ આવે તો કહેશે કે રોજના દશ કલાકનું વાંચન હતું. આટ આટલી મહેનત કરેલી હતી અને જો ધાર્યું પરિણામ ન આવે તો કહેશે કે મેં તો ઘણી મહેનત કરેલી હતી પણ ભગવાને શું કર્યું કે સારૂં પરિણામ ન આવ્યું.

ખરેખર જે ને એવો વિચાર રહેતો હોય કે જે કાંઈ પણ થાય છે એ મારા ભગવાનની કૃપાથી કે ઈચ્છાથી થાય છે તો તેને દુઃખી થવું પડતું નથી. આપણા હાથે જે કાંઈ સત્કાર્યો થાય છે કે આપણને જે કાંઈ સફળતા મળે છે તે બધું પ્રભુ કૃપાએ છે. ''મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય....'' પ્રભુની ઈચ્છાથી થાય છે હું તો નિમિત્ત માત્ર છું. આટલી સમજણ જો જીવ કેળવી લે તો જીવનમાં સદાય આનંદ આનંદ રહે.

# બાળવિભાગ



બાળ મિત્રો ઉપર આપેલ શ્રીજી મહારાજની હિંડોળે ઝૂલવાની લીલાનું ચિત્ર આપેલ છે. દિવાળીની રજાઓમાં મોબાઈલમાં ગેઈમ રમવાનું કે ટી.વી.જોવાનું ટાળી આ ચિત્રમાં આપને મનગમતા રંગ પૂરી આપના શિક્ષક કે વાલીને બતાવી શાબાશી મેળવશો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"આ શરીરને મૂલ્યવાન બનાવવાનું છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે શું કાર્ય કરવા આવ્યા છીએ ? તો આપણે આ જગતમાં માત્ર આપણો મોક્ષ કરવા માટે જ આવ્યા છીએ. એટલે જ તો આપણે બધા અહીંયા બેઠા છીએ. આપણી જે આ આંખો છે તે બહારના નેત્રો છે. અને 'સત્સંગ' અને 'વિવેક' એ આપણી અંદરના નેત્રો છે. જેના પાસે આ નેત્રો નથી તે અંધ ગણાય છે. કેમ કે જેની અંદર વિવેક પણ નથી, અને જેની પાસે સત્સંગનો યોગ પણ નથી આવા વ્યક્તિ કુમાર્ગે તરત ચડી જાય છે. જેમ કોઈ અંધ વ્યક્તિને બીજા વ્યક્તિ હાથ પકડીને રોડ ક્રોસ કરાવે છે. અને અમુક એવા પણ માણસો હોય છે. જે અંધ માણસોની મશ્કરી પણ કરે છે. 'તો આપણે એવા નથી' તો અંધ વ્યક્તિ માટે એવા માણસો જોઈએ જે રસ્તો બતાવે. અને એટલા માટે જ 'આપણા મંદિરો છે.' માટી છે તે ધૂળ ગણાય છે. તેની કોઈ કિંમત નથી. પરંતુ તેમાંથી માટીનો દિવો બનાવવામાં આવે તો તેનું મૂલ્ય થાય છે. પાણી ભરવા માટે ઘડો બનાવવામાં આવે તો વધારે મૂલ્ય થાય છે. તેમ જે રીતે વધારે કલા-કારીગરીવાળી વસ્તુ માટીમાંથી બનાવાય છે તે પ્રમાણે વધારે મૂલ્ય થાય છે. તો તે જ રીતે આપણા જીવનનું આપણે જે રીતે ઘડતર કર્યું છે તે પ્રમાણે તેના ઉપર 'આપણા જીવનની કિંમત થાય છે.' અર્થાત્ મહારાજે આપેલા આ મંદિરો અને આ સત્સંગના માધ્યમથી આપણા શરીરને મૂલ્યવાન બનાવવાનું છે. આ શરીરની સંભાળ રાખવાની છે, આ શરીરની રક્ષા કરવાની છે. આપણે જાણીએ છીએ કે આ 'મનુષ્યદેહમા જ મોક્ષ શક્ય છે.' તો જેને આપણે પ્રાપ્ત કર્યો હોવા છતાં જે વ્યક્તિ પોતાનું કલ્યાણ નથી કરી શકતી તો તેના જેવો 'મહા મૂર્ખ' કોઈ છે જ નહિ. તો શરીરની સંભાળ રાખવાની અર્થાત્ અહીંયા એવો અર્થ છે કે શરીરને ધર્મમા રાખવાનું. શરીરને નિયમમાં રાખવાનું. ધર્મ પાળવાનો. શરીરની રક્ષા શેનાથી થાય છે ? તો ધર્મથી થાય છે. તો શરીર સારુ છે ત્યાં સુધી જ આપણાથી સારા કાર્યો થાય છે. જેવી રીતે માટલામાં ઝીણું પણ કાણું હોય તો ધીમે ધીમે પાણી નીકળી જાય છે. તેમ જેમ જેમ દિવસો જતા જાય છે તેમ આયુષ્ય ઓછુ થતું જાય છે. શરીર ક્ષીણ થતું જાય છે. તો શરીર સારુ છે ત્યાં સુધીમાં સારા કાર્યો કરી લેવા. મહારાજે કીધું છે ને કે 'ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવુ. કેમ કે ? આપણું મન છે ને તે એક એક ક્ષણમાં બદલાઈ જાય છે. એક વેપારી હતો તે દરિયાની અંદર મુસાફરી કરતો હતો. અચાનક તેમની નાવ ડૂબવા લાગી તો બીજા માછીમાર હતા તેમને કીધુ કે મને તમારી નાવમાં લઈ બચાવી લો તો હું મારી બધી મિલ્કત તમને આપી દઈશ. તો માછીમારે તેમને બચાવી લીધા. કિનારા પર આવ્યા તો તરત વિચાર બદલાઈ ગયો કે બધી મિલ્કત કેવી રીતે આપી દેવાય ? મારી પત્ની છે તેના માટે અડધી મિલ્કત મારે રાખવી જોઈએ. તો પછી વિચાર આવ્યો કે અડધું હું આપી દઈશ તો મારા છોકરાનું શું થશે. મારા મા-બાપ છે તેમના માટે પણ જોઈએ ને ! પછી વિચાર આવ્યો કે આ માછીમાર તો પાપનું કર્મ કરે છે. તો મેં એને કીધું કે મને બચાવી લે, તો તેણે મને બચાવ્યો તો તેને પુણ્ય કર્મ મળ્યું કહેવાય, માટે મેં તેની પાસે પુણ્ય કર્મ કરાવ્યું તો માછીમારે મારો આભાર માનવો જોઈએ ! છેલ્લે બે કે ત્રણ રૂપિયા ઉતરાઈ આપી બધું પતાવી દીધું. તો કહેવાનો અર્થ છે કે એક એક ક્ષણે બધું બદલાતુ જાય છે. તો જે સારા વિચારો પરમાત્મા આપણને આપે છે તેનો તત્કાળ અમલ કરવો. કેમ કે ? બધાને શાંતિ જોઈએ છે. તો પોતાનું આંખુ જીવન શાંતિથી વ્યતિત થાય તેમ જગત આખું ઈચ્છે છે. માણસ કાયમ ભગવાનને પ્રાર્થના કરે છે કે જીવનમાં શાંતિ જોઈએ. મૃત્યુ સમયે પણ હું શાંતિથી જાઉ અને મૃત્યુ પછી પણ મને શાંતિ આપજો. તો મૃત્યુ પછીની જે શાંતિ છે તેને મોક્ષ કહેવામાં આવે છે. તે બધાના ભાગ્યમાં હોતી નથી. હજારો વર્ષ તપસ્યા કર્યા પછી પણ કાંઈક બાકી રહી જાય છે. જીવોની અનંત શ્રેણીઓ છે. માણસ અનંતવાર જન્મે

છે અને અનંતવાર મૃત્યુ પામે છે. પરંતુ અંત આવતો નથી. દરેક સમયે તેને સંચિત અને પ્રારબ્ધ કર્મ પ્રમાણે દેહ અને આયુષ્ય પ્રાપ્ત થાય છે. અનંતવાર જન્મ મળ્યા પછી કાંઈક રહી જાય છે. જેથી ફરીવાર આવવું પડે છે. આ માયાથી જગતમાં એકબીજાથી આગળ વધવા માણસ કેટલા બધા અનુચિત કાર્યો કરે છે. લોભ, લાલચ, અહંકારમાં ડૂબી જવાય છે. તો ખોટા કાર્યો થઈ જાય છે. તો ખ્યાલ આવે ત્યારે તેનો વિચાર કરી તેનું પ્રાયશ્ચિત કરી પછી આગળ જીવન જીવવાનું. આપણું કલ્યાણ આપણા હાથમાં જ છે કોઈની પાસે માગવાની જરૂર નથી. માત્ર જરૂર એટલી જ છે કે મહારાજે જે કીધું છે તે પ્રમાણે કરવાનું છે. આપણું લક્ષ્ય નક્કી છે કે ક્યાં જવાનું છે ? તો એ પણ ધ્યાન રાખવાનું છે કે ત્યાં સુધી પહોંચવામાં શું નડતરરૂપ છે. કોઈપણ કાર્ય એવા ન કરીએ કે જે આપણને મોક્ષ માર્ગમાં નડતરરૂપ થાય. આપણી પાસે સમય કેટલો છે તેની પણ આપણને ખબર નથી. તો આપણે તૈયાર થઈને રહેવાનું છે તે આ શરીરના માધ્યમથી જ કરવાનું છે. આપણે આ શરીરના માલિક છીએ. તો આપણા શરીરની સંભાળ રાખવાની છે. રક્ષા કરવાની છે. અર્થાત્ સતત નિયમમાં રાખવાનું છે અને આ શરીરના માધ્યમથી કોઈપણ અનુચિત કાર્ય ક્યારેય ન થાય તેની પણ સતત કાળજી લેવાની છે અને આ શરીરના માધ્યમથી આપણું જીવન એટલું આદર્શ બનાવવાનું છે કે આપણા વર્તનથી જ સામેની વ્યક્તિમાં પરિવર્તન આવી જાય.

●

### પ્રાર્થનાનું મહત્વ

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

આધુનિક માનવ જીવન એટલું બધું તો ધમાલિયું બની ગયું છે કે શાંતિ જેવી ચીજ મરી પરવારી છે. શાંતિ પામવાનો માત્ર સહેજ ઉપાય છે પ્રાર્થના. પ્રાર્થના એટલે દીનબંધુની આગળ દીન બની કૃતકૃત્યની ખુલ્લા દીલે કબુલાત. પ્રાર્થના એટલે દુઃખ મુક્તિ માટેનો આર્તનાદ. ભગવાનની સહાય મેળવવા પોકાર કરવો. કાલા વાલા કરવા તેમજ વિરહાતુર હૃદયમાંથી દર્શન કે સ્વરૂપ પ્રાપ્તિ માટે આહ્‌વાન રૂપે પ્રભુને પધારવા માટેનો પોકાર કરવો એટલે પ્રાર્થના.

**પ્રાર્થના એ હૃદયનું સ્થાન છે.** પ્રાર્થનાનાં પવિત્ર ઝરણાથી આપણામાં રહેલી મલિન વાસનાનો મેલ ધોવાય છે. પ્રાર્થના અપવિત્ર વિચારોને દૂર કરવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે. પ્રાર્થનાથી આપણા વિચારો નિર્મળ બને છે. જેથી માનવી નમ્ર બની ઉન્નતિના પંથે જાય છે. પ્રાર્થના દ્વારા આપણે મહાન ઈશ્વરીય શક્તિને નમન કરીએ છીએ. પ્રાર્થના એ ઈશ્વર પ્રત્યેનો આભાર માનવાનું સાધન છે. સ્થૂલ ઔષધ જેમ દેહનાં રોગ મટાડે છે તેમ પ્રાર્થના જન્મ મરણના રોગને મટાડે છે. ક્ષણ ભંગુર દેહને છોડીને આપણે બધાએ એક દિવસ જવાનું છે. ત્યારે દેહનાં દર્દો દેહ સાથે ભળી ભસ્મભૂત થઈ જશે. પણ આત્માના રોગનું શું ? કદી વિચાર કર્યો છે ? પ્રાર્થના આત્માના જન્મ-મરણ રૂપી રોગનું ઔષધ આપણે વધારે લાભ કર્તા છે. આપણને ઘણીવાર દેહના દર્દો થાય છે. દવાથી મટે છે ને ફરીવાર થાય છે. ત્યારે પ્રાર્થના એ એવું ઔષધ છે કે જેનો ઘૂંટડો આત્માને એકવાર હમેશાં ને માટે મહારોગ મટી જાય છે. દેહ દર્દ નાશક ઔષધને મેળવવા પૈસા આપવા પડે છે. પણ પ્રાર્થનાની કેપ્સુલ તો એવી છે કે મફત મળે છે. માટે જ આપણને તેનું મહત્વ નથી.

**પ્રાર્થના એ મોબાઈલ ફોન છે.** નરસિંહ મહેતાની હુંડી મહારાજે કીર્તનરૂપી મોબાઈલનો કોલ સાંભળ્યો. લોકોએ મશ્કરી કરવા યાત્રાળુને તેમના ઘેર મોકલ્યા. મહેતાજીએ હુંડી લખી પણ આપી. ''સામેના ગામમાં જઈને શામળીયા શેઠની પેઢીએથી લઈ લેજો.'' આ બાજુ કીર્તનરૂપી મોબાઈલ ફોન કર્યો. ''મારી હુંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી'' ભગવાને કીર્તનરૂપી મોબાઈલનો કોલ સાંભળ્યો ને શેઠરૂપી ભગવાને યાત્રાળુને રૂપિયા ગણી આપ્યા. જીવનમાં જ્યારે સંકટ આવે ત્યારે પોતાના સ્વજનો મિત્રો સાથ છોડી દે છે ત્યારે પ્રાર્થના એ ગમે તેવા સંકટને પાર કરી શકે છે કે પ્રાર્થના સંકટ ટાળે છે.

શરીરનો ખોરાક અન્ન છે. ને આત્માનો ખોરાક પ્રાર્થના છે. દુનિયાની દરેક વ્યક્તિ દરરોજ સવારે અથવા સાયંકાળે પોતપોતાના ધર્મસ્થળોએ જઈને પ્રાર્થના કરતા હોય છે. ''હિંદુઓ મંદિરમાં જઈને પ્રાર્થના કરે છે (૨) મુસ્લિમો મસ્જિદમાં જઈને બંદગી કરે છે.

(૩) ખ્રિસ્તીઓ ચર્ચમાં જઈને પ્રેયર કરે છે. (૪) શિખો ગુરુદ્વારામાં જઈને માથું ટેકાવે છે. (૫) જૈનો દેરાસરોમાં જઈને નવકાર મંત્રોના જાપ કરે છે. (૬) પારસીઓ અગયારીમાં જઈને અગ્નિની પૂજા કરે છે. પ્રાર્થના શબ્દના નામ જુદાં જુદાં કરવાના સ્થાન જુદાં જુદાં પણ નાદ એક જ સરખો છે.

પ્રાર્થનામાં ભાવ જોઈએ. શબ્દોની જરૂર નથી. એક વિદ્યાર્થી ચર્ચમાં જઈને દરરોજ ઈસુ ખ્રિસ્ત આગળ આખી એ.બી.સી.ડી. બોલીને ચાલ્યો જાય છે. એક વખત પાદરી કહે તું દરરોજ એ.બી.સી.ડી. શા માટે બોલે છે ? ત્યારે વિદ્યાર્થી કહે મને બીજું કાંઈ આવડતું નથી. કેવળ એ.બી.સી.ડી. જ આવડે છે. મારે ગોડ ને પ્રેયર કરવી છે. ભગવાનને પ્રાર્થના કરવી છે. તેથી એ.બી.સી.ડી. બોલીને કહું છું કે, ''મારા ભાવ અનુસાર શબ્દો ગોઠવી લેજો.'' આમ પ્રાર્થનામાં ભાવ જોઈએ. ભગવાન પ્રત્યે ભાવ અને પોતાનો દીન ભાવ વ્યક્ત કરવો તેને પ્રાર્થના કહેવાય. દા.ત. ભાગવતમાં ગજેન્દ્ર મોક્ષની કથા ખૂબજ પ્રચલિત છે. જ્યારે ગજેન્દ્ર મગરની ભયંકર પકડમાં આવ્યો હતો ત્યારે છોડાવા ખૂબજ પ્રયત્નો કર્યા છતાં છુટી ન શક્યો. ત્યારે સૂંઢથી ભગવાનને કમળ અર્પણ કરીને કેવળ પ્રાર્થના કરી તો ભગવાન પહોંચી ગયા ને તેમનો મોક્ષ કર્યો. પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે કે **ગરૂડ તજીને પાળા પધાર્યા ગજ સારૂં મહારાજ.**

મહાભારતમાં દ્રૌપદીના ચીર હરણ વખતે જ્યારે દ્રૌપદીએ ભિષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય પોતાના મહારથી પતિઓની સામે જોયું ને તેમણે પોતાના મસ્તક નમાવ્યા ત્યારે દુશાસને ચીર ખેંચ્યા ને દ્રોપદીએ હાથ ઉંચા કર્યા ને ભગવાન પાસે આર્તભાવે પોકાર કર્યો. પ્રાર્થના કરી. ''હે કૃષ્ણ લીજીએ અબ તુમ મોરી સાર'' તર્ત જ શ્રીકૃષ્ણ આવ્યા ને રક્ષા કરી. વાંકાનેરના જીવરામ વિપ્રની આર્તનાદ પ્રાર્થનાથી શ્રીહરિએ સાગર મધ્યે રક્ષા કરી. પરમ ભક્ત કવિરાજ દેદલ ભક્તને દ્વેષી રવાજીએ સત્સંગ છોડાવવા માટે દેશવટો આપ્યો ત્યારે દેદલ ભક્તે આર્તનાદથી પ્રાર્થના કરી અને માળિયાના ઠાકોર ગોડજી દરબાર દ્વારા શ્રીહરિએ રક્ષા કરી.

શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને વડોદરાની સભા જીતવા મોકલ્યા હતા. ત્યારે પ્રખર વિદ્વાનો પંડિતોને જોઈને સ્વામી મુંઝાયા હતા ને પ્રાર્થના કરી હતી જે, **''હું તો છું ઘણી નગણી નાર્ય તોય તમારી રે તમે ગુણ સાગર ગોપાલ દેવ મોરારી રે''**. તરત મહારાજે આવીને દર્શન આપ્યા હતા. સાચા ભાવથી પ્રાર્થના કરે ને ભગવાન સાંભળે તો ભગવાન શાંત બેસી રહે ખરા ! સતિ સાવિત્રીની પ્રાર્થનાથી સત્યવાન ને યમનાં હાથમાંથી પુનઃજીવન સાંપડ્યું. બાબરની બંદગીથી હુમાયુનો જાન બચી ગયો. પ્રાર્થનાનાં ગુણ ગાઈએ તો કદી પાર ન આવે.

આજકાલ પ્રાર્થના તો ઘણા કરે છે પણ તેની પાછળનાં ઘણા કારણો હોય છે. આ લોકની સંપત્તિ જેમ કે હે ભગવાન મને સંપત્તિ, છોકરા આપે, અગર તો મારા ધાર્યા કામમાં સફળતા મળે તે માટે પ્રાર્થના કરતા હોય છે. શું ભગવાનને આવી પ્રાર્થના ગમતી હશે ખરી ? પરમાત્મા પાસે કદી કોઈ વસ્તુની માગણી કરવી ન જોઈએ. પ્રાર્થના કરતી વખતે એક ધ્યાન રાખવું જોઈએ કે પ્રાર્થના ગમે તેની ન કરાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે જ કરવી. પુત્રને જે જોઈએ તે મા-બાપ પાસે માગે તો તેને દોષ નથી પણ જેની તેની પાસે માગતો ફરે તો તે ભિખારી કહેવાય. માટે પ્રાર્થના ગમે તેની પાસે ન કરાય.

મુશ્કેલીના સમયે ધીરજતાપૂર્વક પોઝિટીવ માઈન્ડથી મુશ્કેલી ને પાર ઉતરવાનો પ્રયાસ કરતા રહેવા સાથે ભગવાન અને તેમનું અપર સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે પ્રાર્થના કરી બળ મેળવવું..

**''શ્રીજી અને સહુ સંતો રે મળી કરજો મારી સહાય,**
**હું છું તમારે શરણે રે પુરુષોત્તમ લાગું પાય...''**

પ્રાર્થનાનું બળ જોઈએ તો છોટી કાશી ઉમરેઠમાં પ્રખર પંડિતો વચ્ચે સત્સંગી કૃષ્ણરામ હરિભક્તને ગ્રહણ નહી થવા માટે પંડિતો વચ્ચે ખોટી શરત નખાઈ. ત્યારે ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરવાથી સ્વામીએ નક્ષત્રોની ગતી ફેરવીને ગ્રહણ થવા ન દીધું. અને કૃષ્ણરામની રક્ષા કરી. શ્રીજી મહારાજે પણ પ્રાર્થના માટે કહ્યું છે, જેમ હે મહારાજ, કુસંગ થકી મારી રક્ષા કરજો. વળી એમ પ્રાર્થના કરવી જે, હે મહારાજ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષા, દેહાભિમાન તેમજ અંતઃશત્રુ થકી રક્ષા કરજો. નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજો. એવી રીતે નિત્યે પ્રભુની પ્રાર્થના કરવી.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવુ પણ બીજી રીતે ન વર્તવું. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૨ ''પૂર્વનો સ્વભાવ હોય તે કેમ જાણવો ને હમણાંનો સ્વભાવ હોય તે કેમ જાણવો ?'' વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

પ્ર. ૩ ન તદભાસય તે સૂર્યા ન શશાંડકો ન પાવક । યદગત્વા ન નિવર્તન્તે તધ્ધાંમં પરમંમમ્ ॥ આ શ્લોક ગીતાજીના ક્યા અધ્યાય અને કેટલામો શ્લોક છે ?

પ્ર. ૪ ''અક્ષરાનંદ મુનિ બુધ્ધિમંત, જેને હરિએ કીધા વરતાલના મહંત, સચ્ચિદાનંદ સમાધિવાન, સદા હરિ ભજ્યાનું તાન. - અક્ષરાનંદ મુનિ અને સચ્ચિદાનંદ સ્વામીના પૂર્વાશ્રમનું નામ અને જન્મ સ્થાન જણાવશો.

પ્ર. ૫ સુવાસીની ભાભી નિત્ય ધ્યાન કરતા. એક દિવસ ધ્યાન કરતા મનમાં થયું કે મારા દિયરનું આવું શરીર કોઈ દેવ કે મનુષ્યનું હોય નહિ. કદાચ ભગવાન હોવા જોઈએ મારો સંકલ્પ પૂર્ણ કરે તો હું એમને ભગવાન માનુ. ભાભીએ શું સંકલ્પ કર્યો ?

પ્ર. ૬ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ અને દશ ઈન્દ્રિયોરૂપ જે દાઢ્યો તે સર્વે કેવી થઈ જાય છે ?

પ્ર. ૭ ''તારી મીટે રે મોહન, મન હરિયા રે, મન હરિયા રે જાણું જાદુ કહીયા રે.'' - સુંદર કીર્તનના રચિયાતનું નામ જણાવશો.

## સપ્ટેમ્બર-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ૭૯ શિક્ષાપત્રી. (૨) સંગ, શાસ્ત્ર, શ્રધ્ધા, રૂડો દેશ, રૂડો કાળ. (૩) ''જીવ, માયા, પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે. ને પુરુષોત્તમ છે તે જીવ માયાના નિયંતા છે ને સર્વના કારણ છે ને પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકાર થકા વિરાજમાન છે ને સર્વે જે અવતાર તે તેના છે એવા જે પુરુષોત્તમ નારાયણ તેની ઉપાસના જીવને કરવી.'' (૪) શતધન્વા એ. (૫) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી. (૬) તરતા ન આવડે તે ડુબી જાય એમ છે માટે સારો તરનાર હોય તેણે જ નાહવું બીજાએ કાંઠે સ્નાન કરવું.....'' (૭) બ્રહ્મ વિવાહ, દૈવ વિવાહ, આર્ષ વિવાહ, રાક્ષસી, પ્રાજાપત્ય વિવાહ, આસુરી વિવાહ, ગાંધર્વ વિવાહ, પિશાચી.

૧. પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૨. પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૩. પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૪. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૫. ભાવસાર મહેન્દ્ર (માણસા(
૬. પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજાવાળા)
૭. સાંખ્યયોગી બેન (વાવોલ)
૮. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૯. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૦. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૧. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૨. પટેલ શારદાબેન રતિભાઈ (સાબરમતી)
૧૩. પટેલ કિંજલ ભરતકુમાર (સાબરમતી)
૧૪. સાંખ્યયોગી બહેનો જુનું મંદિર (દરબારગઢ-મોરબી)
૧૫. રીટાબેન જયેશકુમાર ઠક્કર (વસ્ત્રાપુર)
૧૬. ઉષાબેન પટેલ, શારદાબેન પટેલ (વાવોલ)
૧૭. પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૧૮. ભાવસાર ચંદુભાઈ પુરષોત્તમદાસ (નવા વાડજ)
૧૯. સાંખ્યયોગી કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૦. પટેલ વિનોદ પી. (વહેલાલ)

**સૂચના :** પ્રશ્નપેટીના ઉત્તર લખતા ભક્તોને ખાસ સૂચન છે કે હવે પછી એકજ વ્યક્તિના લખેલ સરખા જ અક્ષરવાળા ઉત્તર સ્વીકારાશે નહી. જે તે વ્યક્તિએજ પોતાના હસ્તાક્ષરમાં જ જવાબ લખવા તેવું ખાસ સૂચન છે. અને સારા ફુલ સ્કેપ પેપરમાં જ જવાબ લખવા જેવા તેવા પેપરમાં ટુકડામાં લખેલ જવાબો સ્વીકારાશે નહીં.

પ્રશ્નપેટીના ઉત્તરો દર માસની ૨૨ તારીખ સુધીમાં સ્વીકારાશે. ત્યારબાદ આવેલ ઉત્તરો પ્રકાશિત થશે નહિ.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશી શ્રી ગણપતિજીનો વરઘોડો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીનો શ્રીગણપતિજીનો વરઘોડો પરંપરાગત રીતે ધામધૂમથી નીકળ્યો હતો.

બપોરે ૧૨-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી પાર્ષદો સાથે પધાર્યા હતા અને શ્રીગણપતિજીની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ સાથે વરઘોડામાં કીર્તન-ભક્તિની રમઝટ સાથે સૌને દર્શન આપતા મંદિરના ચોકમાં ઉત્સવ પૂરો થતા નારણઘાટ મંદિર સાંજે પરત પધાર્યા હતા. જ્યાં શ્રી ગણપતિજીની આરતી ઉતારી સાબરમતી નદીમાં નૌકા વિહાર કરાવી ઠાકોરજીને જલાભિષેક વિધિવત રીતે પોતાના વરદ્ હસ્તે કર્યો હતો. સભામાં કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી હતી.

સાંજે વરઘોડો પરત ફરતા કાલુપુર મંદિરના ચોકમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સંતો હરિભક્તો અને ઓચ્છવ મંડળે સુંદર કીર્તન ભક્તિ અને ઓચ્છવની રમઝટ બોલાવી હતી. ખૂબજ ભવ્ય ઉત્સવ થયો હતો. પૂ. મહંત સ્વામીના મંડળના સંતો કોઠારી જે.કે. સ્વામી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, શા. વિશ્વવિહારી સ્વામી તથા હરિચરણ સ્વામી (કલોલ) અને નટુ સ્વામી આદિ સંત મંડળે પ્રેરણાત્મક સેવા-વ્યવસ્થાનું સુંદર આયોજન કર્યું હતું. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ આયોજીત કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ દ્વારા આયોજીત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું સુંદર આયોજન તા. ૨૧-૮-૧૬ થી તા. ૨૭-૮-૧૬ પર્યન્ત કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. સાંખ્યયોગી બહેનોના વક્તાપદે સંગીતમય શૈલીમાં બહેનોને સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. નારાયણઘાટ મંદિરમાં ૨૦ વર્ષ પહેલા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મહિલા મંડળની સ્થાપના થઈ હતી. હાલ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ એજ મહિલા મંડળનો શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ નામ આપીને ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ આપ્યા હતા.

બપોરે ૧-૦૦ થી ૪-૦૦ કથાના સમયે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની નિશ્રામાં હજારો બહેનો કથાનો સુંદર લાભ લેતા હતા. સાતેય દિવસ પ્રસાદની સુંદર વ્યવસ્થા યજમાન હરિભક્તો તરફથી કરવામાં આવી હતી. અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને તેમના સંત મંડળે ખૂબજ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. ઘણા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરીને જીવન ધન્ય બનાવ્યું હતું. (શા. દિવ્યપ્રકાશદાસ - નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ૨૩ મું જ્ઞાનસત્ર અને જલઝીલણી એકાદશી વરઘોડો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ ધર્મકુળના પૂર્ણ રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ખાતે તા. ૨૦-૮-૨૦૧૬ થી તા. ૨૭-૮-૨૦૧૬ પર્યન્ત ૨૩ મું જ્ઞાન સત્ર સ.ગુ. મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે પ.ભ. બાબુભાઈ વિ. પટેલ તથા વસંતીબેન બાબુભાઈ પટેલ (હિરાપુરવાળા)ના મુખ્ય યજમાન પદે ધામધુમથી સંપન્ન થયું. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અવાર-નવાર કથા શ્રવણ કરવા પધારતા હતા. તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ એક દિવસ કથા શ્રવણ કરવા પધાર્યા હતા. અને યજમાન પરિવારના બહેનો-મહિલા મંડળને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. કથામાં આવતા વિવિધ ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. તા. ૨૭-૮-૨૦૧૬ ના રોજ પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સવારે ૧૦-૩૦ કલાકે પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવાર અને સહયજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી

આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામા પૂ. શા.પી.પી. સ્વામી (જેતલપુર) કૃષ્ણવલ્લભ સ્વામી અને માધવ સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અમેરિકા પ્રવાસના થાક ને ગણકાર્યા વગર પ્રસન્ન ચિતે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે નારણપુરા મંદિરના સંતો, પાર્ષદો શ્રી નરનારાયણદેવ યુવક-મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી.

**નારણપુરા મંદિરમાં જલઝીલણી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના બપોરે શ્રી ગણપતીજીનું પૂજન યજમાનશ્રી અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ પરિવારના પ.ભ. ભાસ્કરભાઈ અને રાજદિપ આદિએ બ્રહ્મદેવ સાથે કર્યું હતું. નારણપુરા મંદિર ધૂન, ભજન, કરતા ૨ વાગે વરઘોડો નીકળીને નારણઘાટ મંદિર આગમન થતા પ.પૂ. લાલજીમહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજન આરતી થઈ હતી. યજમાન પરિવારે પણ પ.પૂ. લાલજીમહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. લાલજીમહારાજશ્રીએ ઠાકોરજીને નૌકા વિહાર કરાવી સાબરમતી નદીમાં અભિષેક સ્નાન કરાવ્યું હતું. રાત્રે યજમાન પરિવારને ત્યાં ઠાકોરજી સમક્ષ સંપ્રદાયના સુપ્રસિદ્ધ રેડીયો-ટી.વી. કલાકાર શ્રી હસમુખભાઈ પાટડીયા અને સાથી કલાકારોએ કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી. શા. માધવ સ્વામીની પ્રેરણાથી સમસ્ત નારણપુરાના સત્સંગે સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી મયુર ભગત)

**ઈડર દેશમાં શ્રાવણ માસમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી આખા શ્રાવણ માસ દરમ્યાન ઈડર દેશના નીચેના ગામોમાં ઈડર મંદિરના સંતો દ્વારા સત્સંગ સભાનું આયોજન થયું હતુ. જેમાં રતનપર, ફિચોડ, સાબલવાડ, થુરાવાસ, અરોડા (જુના), નેત્રામલી, કુકડીયા, મણીયોર, હિંગળાજ વગેરે ગામોમાં કોઠારી સત્યસંકલ્પદાસ, શા. અજયપ્રકાશદાસ આદિ સંતોએ કથા વાર્તા દ્વારા સર્વોપરી શ્રીહરિનો નિશ્ચય દ્રઢ કરાવ્યો હતો. જેનાથી ગામડાના હરિભક્તો ને પણ સુંદર લાભ મળ્યો હતો. (સત્યસંકલ્પ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલમાં આપણા ઉત્સવોની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા બોપલ મંદિરના સંતો સ્વામી ધર્મસુતપ્રિયદાસજી તથા સ્વામી પરોપકારદાસજીની પ્રેરણાથી અહીંના સર્વે હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આપણા સંપ્રદાયના દરેક નાના મોટા ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

અષાઢ શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ અવનવા ભવ્ય અલૌકિક વિવિધ પ્રકારના હિંડોળા બનાવી દર્શન કરાવ્યા હતા. જન્માષ્ટમીની રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ સંત-હરિભક્તોએ કીર્તન ભક્તિ કરી રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવની આરતી ઉતારી હતી. આ પ્રસંગમાં હરિભક્તો સિવાય પરોક્ષના મુમુક્ષુઓએ પણ સુંદર લાભ લીધો હતો.

તા. ૯-૯-૧૬ થી તા. ૧૧-૯-૧૬ દરમ્યાન ત્રિદિનાત્મક જ્ઞાન સત્ર પ્રસંગે વણઝર, બાવળા, એપ્રોચ, પેથાપુરના સંતોએ વિવિધ વિષયો પર સંપ્રદાય લક્ષી જ્ઞાન પિરસ્યું હતું. સ્વામી પરોપકારદાસજી દ્વારા સંકલન કરેલ સંસ્કાર સિંચન કરતું નાટક ''પરવરિશનું પરિણામ'' શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સુંદર રીતે ભજવાયું. સમાપનમાં સમૂહ મહાપૂજા બાદ યુવક મંડળને સુંદર ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. (પ્રવિણ ઉપાધ્યાય)

**વિજાપુર ભાણપુર દેશમાં સાબરમતી નદીના કિનારે જલઝીલણી એકાદશી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (કલોલ)ની પ્રેરણાથી જલઝીલણી પવિત્ર એકાદશીના સાબરમતી ગંગાના તટ ઉપર વિજાપુર, ભાણપુર, વજાપુર, સાંકાપુરા, ભીમપુરા, ધનપુરા, રણછોડપુરા, જેપુર, હાથીપુરા, પિલવાઈ, ખણુસા, આણંદપુરા અને વેડા ગામના સૌ હરિભક્તોના સહયોગથી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

ઉપરોક્ત ગામના હરિભક્તો ટ્રેકટરમાં ઠાકોરજીની પાલખીઓ શણગારીને ભાણપુર મંદિર સંતો સાથે બેન્ડવાજા સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરતા સાબરમતી નદીના કિનારે ૯-૦૦ વાગે વિશાળ મંડળમાં

વિશાળ સભામાં શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી અને એમના સંત મંડળે શ્રીજી મહારાજના અલૌકિક ચરિત્ર સંભળાવ્યા હતા. નદીના પવિત્ર પાણીમાં ઠાકોરજીને અભિષેક કરાવી સૌએ સાથે પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સભા સંચાલન ઘનશ્યામપ્રિય સ્વામીએ કર્યું હતું. ભોજન પ્રસાદ સાથેનું તમામ આયોજન ભાણપુર ગામના યુવક મંડળે કર્યું હતું.

(કોઠારીશ્રી વિજાપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુરનો ૧૦૧ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા અત્રે મંદિરના મહંત શા.સ્વા. દેવસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુરનો ૧૦૧ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૨-૮-૧૬ ના રોજ દબદબા પૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૧-૮-૧૬ ના રોજ રાત્રી સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું.

તા. ૨૨-૮-૧૬ ના સવારે મંગળા આરતી બાદ ઠાકોરજીનું પૂજન અર્ચન કરી ષોડશોપચાર મહાભિષેક થયો હતો. સમૂહ મહાપૂજામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. જેની પૂર્ણાહુતિની આરતી વડીલ સંતોએ કરી હતી. અન્નકૂટ આરતી બાદ પ્રાસંગિક સભામાં સંતોની અમૃતવાણીનો સુંદર લાભ હરિભક્તોને મળ્યો હતો.

આ પ્રસંગે ધામો ધામના સંતો પૈકી કાલુપુર, જેતલપુર, છપૈયા, અયોધ્યા, પ્રયાગ, અંજલી, વાલી, ધરિયાવદ, મથુરા આદિ ધામોથી સંતો-મહંતો પધાર્યા હતા. બાળ ધૂન મંડળનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. પાટોત્સવના યજમાન, પ.ભ. પૂંજાભાઈ શાંતિલાલ પટેલ (જયપુર) પરિવારે અલૌકિક લાભ લીધો હતો. નાના મોટા સૌ હરિભક્તોએ દેવ દર્શન, સંતોના આશીર્વાદ લઈ સમગ્ર પ્રસંગમાં વિવિધ સેવા કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ જયપુરના સત્સંગ યુવક મંડળે સુંદર રીતે શોભાવ્યું હતું. (પાર્ષદ તરૂણ ભગત - જયપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં વિવિધ ઉત્સવ ઉજવાયા**

શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસ દરમ્યાન શ્રીમદ્ ભાગવત કથા કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ કરી હતી. ઠાકોરજી સમક્ષ શ્રાવણ માસમાં કોઠારી સ્વામી અને રાજુભાઈ ભાવસાર, વિપુલભાઈ એન. પટેલ, યશવંતભાઈ બારોટ, જીજ્ઞેશભાઈ સી. ભાવસાર અને ટ્રસ્ટીશ્રી કિરીટભાઈ ભાવસાર આદિ ભક્તોએ હિંડોળા બનાવવાની સેવામાં જોડાઈને ખૂબજ અલૌકિક સુંદર કલાત્મક હિંડોળામાં શ્રીહરિ ભગવાનને ઝુલાવ્યા હતા. ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના રોજ મહંત સ.ગુ.શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, કો.શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ શ્રી ઠાકોરજીને જળક્રિડા કરાવવા બેન્ડવાજા અને ઓચ્છવીયા મંડળી સાથે ગામમાં ઘેર ઘેર પધરામણી કરી નાગધરા સરોવરે પ્રસાદીના લાલજી મહારાજ અને શ્રીહરિકૃષ્ણ મહારાજને અભિષેક કરાવી હરિભક્તોએ અનેરો લાભ લઈ કાકડીનો પ્રસાદ લઈ ધામધૂમથી ઉત્સવ ઉજવ્યો હતો.

વરઘોડામાં ટ્રસ્ટીશ્રી નવિનભાઈ મોદી, શ્રી કિરીટભાઈ ભાવસાર, શ્રી ભાલચંદભાઈ ભાવસાર, શ્રી દિલીપભાઈ ભાવસાર, શ્રી ભગવાનદાસ પટેલ અને શ્રી સંજયભાઈ મોદી આદિ ઘણા હરિભક્તોએ ઉત્સવમાં જોડાઈને ધન્ય ભાગી બન્યા હતા. (મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી - વડનગર)

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું બાડમેર (રાજ.) જીલ્લામાં પ્રથમ મંદિરની ખાત વિધિ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરણાથી રાજસ્થાનના ખારૂવા ગામમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું બાડમેર જીલ્લામાં પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું હતું.

આ પ્રસંગે રાત્રીય જાગરણ અને એક દિવસ કથાનું આયોજન થયું હતું. જેમાં શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજીએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ કાલુપુર મંદિરથી કોઠારી જે.કે. સ્વામી (ટ્રસ્ટી બોર્ડ સભ્યશ્રી) તેમજ ઈડર, સોકલી અને નાથદ્વારાથી સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ વિસ્તારમાં આપણો સત્સંગ ખૂબજ વિસ્તરે અને સૌ

આ મંદિરમાં સેવા કરીને ભગવાન શ્રીહરિને રાજી કરશો તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. મંદિરના ભૂમિ દાતા માંગાણી પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. હજારો રાજસ્થાનના હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(સાધુ દિવ્યસ્વરૂપદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા (બ્રાહ્મણ શેરી)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે ઉંઝા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સુંદર ચાલે છે. અત્રે ચાતુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કાલુપુર મંદિરના સંતો પધાર્યા હતા. તેઓએ શ્રાવણ માસમાં સવારે શ્રીમદ્ સત્સંગિજીવન અને રાત્રે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા ઘનશ્યામદાસ સ્વામીએ કરી હતી. કથા બાદ સ્વામી કેશવચરણદાસજીએ શ્રી નરનારાયણદેવની નિષ્ઠાની વાતો કરી હતી. વાલી મંદિરના કૃષ્ણપ્રસાદ સ્વામીની ઉપસ્થિતિમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ હરિભક્તોએ કીર્તન ભક્તિ કરીને ધામધૂમથી ઉજવ્યો હતો. (પટેલ ગોવિંદભાઈ જેઠાલાલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા પદયાત્રા તથા જલઝીલણી ઉત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા લાલોડા ધામના પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના શ્રી ઠાકોરજી, શ્રી ગણપતિ દાદાની ગામમાં નગરયાત્રા નીકળી હતી. ઠાકોરજીને જળવિહાર કરાવી સૌએ ધૂન-ભજન કીર્તન કર્યા હતા. આજ દિવસે લાલોડા ધામથી મૂ.અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની પ્રાગટ્ય ભૂમિ ટોરડા ધામની પદયાત્રા યોજવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં સંતો સાથે હરિભક્તો જોડાયા હતા.

સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને સ્વામી બાળકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી સમગ્ર આયોજન થયું હતું. (ભૂમિત પટેલ)

**માણેકપુર (ચૌધરી) ગામે શ્રી ગણેશ ચતુર્થી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માણેકપુર (ચૌધરી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે શ્રી ગણપતિ યજ્ઞ કર્યો હતો. જેમાં ૧૨ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. જેમાં મુખ્ય યજમાન ચૌધરી કાંતિભાઈ કેશાભાઈ અને ચૌધરી ડાહ્યાભાઈ શંભુભાઈ રહ્યાં હતાં. પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી ગણપતિ દાદાને ગોળના ચૂરમાના લાડુનો અન્નકૂટ ધરાવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સેકટર-૨ મંદિરના મહંત શા. નાના પી.પી. સ્વામી અને સિધ્ધેશ્વર સ્વામીએ શ્રી ગણપતિજીનો મહિમા સમજાવ્યો હતો. (શ્રીનરનારાયણદેવ યુવક મંડળ વતી ચૌધરી ડાહ્યાભાઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી જન્માષ્ટમીનો સમૈયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો પરંપરાગત સમૈયો પ.પૂ. લાલજીમહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો. પવિત્ર શ્રાવણ માસની યોજાતી કથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી.

પ.પૂ. લાલજી મહારાજશ્રી અત્રે પધારતા સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. તેજ સમયે ઝાલાવાડના ખેડૂતો વરસાદની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા અને ધર્મકુળનું આગમન અને વરસાદનું આગમન એક સાથે થતા જગતનો તાત ખેડૂત આનંદમાં ગરકાવ થઈ ગયો હતો. સ્વયં શ્રીહરિના અપર સ્વરૂપ જ્યાં હોય ત્યાં બધું જ શુભ અને મંગળ થાય તેનો આ પ્રત્યક્ષ પરચો હતો.

પ.પૂ. લાલજીમહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, સુરેન્દ્રનગર, રતનપર, રણજીતગઢ, ચરાડવા, આદિ ધામોથી સંતો ને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ સુંદર રીતે કર્યું હતું. સમગ્ર વ્યવસ્થામાં કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, કોઠારી વ્રજભૂષણદાસજી, હરિકૃષ્ણ સ્વામી અને ભરત ભગત જોડાયા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરમાં કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.

મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી તા. ૨૨-૮-૧૬ થી તા. ૧-૯-૧૬ પર્યન્ત સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણી પરચા પ્રકરણની કથા પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજીએ કરી હતી. જેના યજમાન પદે સાં. કમળાબા, કોકીલાબા અને સાં. ઉષાબાની પ્રેરણાથી કીર્તિબેન કાંતિલાલ શાહ (કપડવંજ) પરિવાર રહ્યાં હતાં. સમગ્ર સભાનું સંચાલન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ હિન્દુ ટેમ્પલ (આઈ.એસ.એસ.ઓ.) ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ ખાતે શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં હરિભક્તો દ્વારા જન્મોત્સવના કીર્તન તથા શાસ્ત્રીજી દ્વારા ભગવાનના લીલા ચરિત્રની કથા કરવામાં આવી હતી. રાત્રે ૧૨ વાગ્યે જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. ઉત્સવ દરમ્યાન સેવા કરનાર હરિભક્તોમાં ઠાકોરજીના વાઘાના યજમાન પ.ભ. જૈમિનભાઈ, સ્મૃતિબેન મહાપ્રસાદના યજમાન સુરેશભાઈ અમીન, રાધે પોપલી, ભાવેશ હિરાણી આદિ ભક્તોએ સેવા કરી હતી. ૮૦૦ જેટલા હરિભક્તોએ ઉત્સવના દર્શન કર્યા હતા.

શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા કલાત્મક હિંડોળાની સેવામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - યુવતી મંડળની સેવા પ્રેરણારૂપ હતી. ફુલના વાઘા બહેનોએ આખી રાત્રી જાગીને સુંદર બનાવ્યા હતા. સંપૂર્ણ મહોત્સવનું સંચાલન શ્રી નિખીલ રાબડીયાએ કર્યું હતું. શ્રાવણ માસમાં શિવ પૂજાનું સુંદર આયોજન કર્યું હતું. શ્રી ગણેશ ચતુર્થીના શ્રી ગણપતિદાદાનું પૂજન અને જલઝીલણી એકાદશીના વિસર્જન પૂજા-અભિષેક સુંદર રીતે થયા હતા. જેના યજમાન કૈલાશ યાદવ રહ્યા હતા. સમગ્ર ઉત્સવોમાં મંદિર નિર્માણ કર્તા દાસાનુંદાસ એવા પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નાના મોટા તમામ હરિભક્તોએ સેવા કરીને શ્રીહરિ અને ધર્મકુળને રાજી કર્યા હતા. (તુષારભાઈ શાસ્ત્રી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન (આઈ.એસ.એસ.ઓ., અમેરિકા)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી અત્રે મંદિરના મહંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી જન્માષ્ટમી અને જલઝીલણી એકાદશી દબદબા પૂર્વક ઉજવાયો.

જન્માષ્ટમીની રાત્રે સૌ ભક્તોએ રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ કીર્તન ભજન અને રાસ રમ્યા હતા. સ્વામીએ શ્રી કૃષ્ણ જન્મોત્સવની કથા સંભળાવી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સની આરતી કરી જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

જલઝીલણી એકાદશીના વિકેન્ડમાં ઠાકોરજીને નૌકા વિહાર કરાવી કીર્તન ભક્તિ કરી હતી. સ્વામીએ કથા કરીને હનુમાન ચાલીસાની આરતી કરી હતી. જેતલપુરધામથી પધારેલા બ્ર. સ્વા. પૂર્ણાનંદજીએ શ્રાવણ માસમાં શિવજીનું પૂજન અભિષેક અને ગણેશ ચતુર્થીના શ્રીગણપતિજીનું પૂજન કરાવ્યું હતું. નાઈન ઈલેવનમાં દિવગંત આત્માઓની શાંતિ માટે શ્રધ્ધાંજલિ આપવા વિહોકન ટાઉન દ્વારા યોજેલ પ્રાર્થના સભામાં સંત-હરિભક્તોએ ખાસ પધારી દિવગંત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. (બળદેવભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર - સ્ટ્રેધામ (આઈ.એસ.એસ.ઓ. - યુ.કે.)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી યુ.કે.ના શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પ્રયાગરાજથી પધારેલા મહંત સ્વા. નારાયણસ્વરૂપદાસજીની સાથે પધારેલ શા.સ્વા. શ્રીહરિગુણદાસજી તથા નારાયણઘાટથી પધારેલા શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે સુમધુર શૈલીમાં સંપન્ન થઈ.

તા. ૨૧-૮-૧૬ ના રોજ પારાયણના ઉપલક્ષમાં પોથીયાત્રા મંદિરની બાજુના ગ્રાઉન્ડથી નિજમંદિરમાં કથા સ્થળ સુધી યોજવામાં આવી હતી. તા. ૨૧ થી ૨૭ સુધી સાત દિવસ કથામૃતપાનની સાથે સાથે સમૂહ મહાપૂજા ઠાકોરજીનો મહાભિષેક - છપ્પનભોગ અન્નકૂટનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભક્તોને સત્સંગનો લાભ આપવા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી પ્રયાગરાજ મંદિરના મહંત શ્રી સ્વા. નારાયણસ્વરૂપદાસજી તથા અમદાવાદશ્રી નરનારાયણદેવના પૂજારી પૂ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી તથા શા. સ્વા. સત્યપ્રકાશદાસજી (લેસ્ટર), શા.સ્વા. મુક્તપ્રકાશદાસજી, સ્વા. રામાનુજદાસજી (પ્રયાગરાજ) આદિ સંતોએ પધારી ભગવાનની ઉપાસના અને ધર્મકુળના માહાત્મ્યની વાતો કરી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૭-૮-૧૬ ના રોજ પૂ. સંતો અને પૂ. બ્રહ્મચારી સ્વામીએ ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક કર્યો હતો. સાતેય દિવસ સ્ટ્રેધામના હરિભક્તો તરફથી તમામ ભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ. પ્રેસિ. અમરશીભાઈએ આભાર વિધિ કરી હતી. અને સભા સંચાલન જયેશભાઈ વાઘેલા એ કર્યું હતું.

(નારાયણસ્વરૂપ સ્વામી - પ્રયાગ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ક્રોલી (ગેટવીક) (યુ.કે.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પૂજ્યપાદ મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રયાગરાજથી પધારેલ મહંત સ્વા. નારાયણસ્વરૂપદાસજી તથા સંત મંડળની શુભ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ગેટવીક (ક્રોલી) યુ.કે. મંદિરનો દશાબ્દી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

પ્રસંગના ઉપલક્ષમાં 'શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ'' સપ્તાહ પારાયણ શા.સ્વા. શ્રીહરિગુણદાસજીના વક્તાપદે સુમધુર કંઠે સંપન્ન થઈ. અને સાથે તા. ૫-૯-૧૬ ના રોજ પ્રસંગના ઉપલક્ષમાં પોથીયાત્રા-વાજીંત્ર સાથે યોજવામાં આવી હતી. ગણેશ ચતુર્થી હોવાથી સમૂહ ગણપતિ પૂજનનું આયોજન થયું. વિધિ પૂજન સોહમ મહારાજે કરાવ્યું હતું. પૂજનમાં ઘણા ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૮-૯-૧૬ ના રોજ સમૂહમાં સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તા. ૧૦-૯-૨૦૧૬ ના રોજ ગેટવીક ક્રોલીના હરિભક્તોને દર્શન આશીર્વાદનો લાભ આપવા આપણા સૌના લાડીલા ધર્મ માર્તન્ડ વિશ્વવંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ પધાર્યા હતા. સ્વાગત-સામૈયું બધા ભક્તોએ મળી ઢોલ-વાજિંત્ર સાથે ધામધૂમથી બહેનોએ માથે કળશ સાથે સુંદર રીતે કરવામાં આવ્યું. જેમના આગમનથી અહીંનો સત્સંગ સમુદાય ખૂબજ ઉત્સાહિત થયો હતો. સાથે અમદાવાદ મંદિરના કોઠારી જે.કે. સ્વામી અને હજુરી પાર્ષદ વનરાજ ભગત સેવામાં હતા.

આ પ્રસંગે ખાસ વિલ્સડનથી પધારેલ યુવક મંડળના યુવા હરિભક્તો દ્વારા રાત્રે કીર્તન ભક્તિ-આરાધનાનો સુંદર પ્રોગ્રામ રજુ કરવામાં આવ્યો. યુવાનોએ નંદ સંતોના કીર્તનો સુંદર સંગીત સાથે ગાઈ - શ્રી નરનારાયણદેવ-આચાર્યશ્રી તથા સંતો-ભક્તોનો ખૂબ રાજીપો મેળવ્યો હતો.

તા. ૧૧-૯-૧૬ ના રોજ નિજ મંદિરમાં બિરાજમાન દેવોનો મહાભિષેક પ.પૂધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ષોડશોપચાર પૂર્વક કરવામાં આવ્યો હતો. હજારો ભક્તોએ આવા મહાઅલૌકિક દર્શન કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું. અભિષેક બાદ નિજમંદિરમાં દેવો સમક્ષ ક્રોલી મંદિરના સત્સંગીબહેનો દ્વારા બનાવેલ વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટની આરતી ઉતારવામાં આવી.

છેલ્લે પારાયણની પૂર્ણાહુતિ, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી, સંતોનું પૂજન, યજમાનોનું સન્માન - મહેમાનોનું સ્વાગત - સન્માન બાદ ધામોધામથી પધારેલા સંતોમાં પ્રયાગરાજ મહંત સ્વા. નારાયણસ્વરૂપદાસ તથા શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી (અમદાવાદ કાલુપુર પૂજારી), શા.સ્વા. સત્યપ્રકાશદાસજી (લેસ્ટર), શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ), શા.સ્વા. મુક્તપ્રકાશદાસજી તથા સાધુ રામાનુજદાસજી આદિ સંતોએ પ્રવચનો દ્વારા શ્રી નરનારાયણદેવની નિષ્ઠા અને ધર્મકુળના માહાત્મ્યની વાતો પ્રસંગોપાત કરી હતી.

છેલ્લે પૂજ્યપાદ મહારાજશ્રીના આશીર્વાદનો લાભ સૌને મળ્યો. જેઓશ્રીની મધુરવાણી અને લાગણીસભર વ્યક્તિત્વ પ્રેમથી નાનામાં નાના બાળમંડળના બાળકો તથા યુવાનો અને વડીલો બધાજ ખૂબ ઉત્સાહિત થયા હતા. દરેક હરિભક્તોને વ્યક્તિગત દર્શન તથા સાથે બેસવાનો અલૌકિક લાભ પ.પૂ. મહારાજશ્રીએ ખૂબ રાજી થઈને આપ્યો જેથી બધાજ ભક્તો ખૂબજ રાજી રાજી થયા હતા.

નાના મોટા સૌ હરિભક્તોએ વિવિધ સેવાના યજમાન બની અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. સૌની સેવા પ્રેરણારૂપ હતી. સાતેય દિવસ સૌ હરિભક્તોને મહાપ્રસાદ જમાડવામાં આવ્યો તેની સેવા પણ મહિલા મંડળની બહેનોએ મળી કરી દેવ-આચાર્ય-સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. મંદિરના પૂજારી મનજીભાઈ તથા સંતોએ મળી ઠાકોરજીના સુંદર શણગાર કરી ભક્તોને દર્શનનો લાભ આપ્યો.

છેલ્લે મંદિરના પ્રેસિડેન્ટ જીતુભાઈ પટેલે આભાર વિધિ કરતા લંડનથી બોલ્ટન-ઓલ્ડહામ-સ્ટ્રેધામ-વિલ્સડન હેરો - વુલવીચ - સ્ટેનમોર લેસ્ટર બ્રાઈટન - કાર્ડિફથી પધારેલા હરિભક્તને યાદ કરી આભાર માન્યો હતો. સભા સંચાલન ઉમેશભાઈ પટેલે સુંદર રીતે કરી સહુનો રાજીપો મેળવ્યો હતો.

(નારાયણસ્વરૂપ સ્વામી - પ્રયાગ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - બ્રાઈટન (યુ.કે.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પૂજ્યપાદ મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી બ્રાઈટન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંત મંડળ સાથે પધારેલા પ્રયાગરાજ મંદિરના મહંત સ્વા. નારાયણસ્વરૂપદાસજી તથા સંતોની ઉપસ્થિતિમાં ખૂબજ ધામધુમથી ઉજવાયો.

તા. ૧૬-૯-૧૬ ના રોજ પારાયણના ઉપલક્ષમાં પોથીયાત્રા મંદિર પાસેના મેદાનથી નિજ મંદિરમાં કથા સ્થળ સુધી કાઢવામાં આવી હતી. ૧૬-૯ થી ૧૮-૯ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન અંતર્ગત બાળચરિત્ર-વનવિચરણની સુંદર કથા શા.સ્વા. હરિગુણદાસજીના સુમધુર કંઠે સંપન્ન થઈ.

તા. ૧૭-૯-૧૬ ના રોજ વુલવીચથી પધારેલ યુવક મંડળમાં ભાવિન પાઠક તથા સાથી યુવાનો દ્વારા સુંદર કીર્તન ભક્તિનો કાર્યક્રમ રાત્રે રજુ કરવામાં આવ્યો.

તા. ૧૮-૯-૧૬ ના રોજ પ્રયાગરાજ મહંત સ્વા. શ્રી નારાયણસ્વરૂપદાસજી તથા વક્તાશ્રી હરિગુણદાસજી, શા. મુક્તપ્રકાશદાસજી તથા સાધુ રામાનુજદાસ આદિ સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી સંપન્ન થયો હતો. હરિભક્તોએ પણ આવા મહાઅલૌકિક અભિષેક દર્શન કરીને જીવન ધન્ય બનાવ્યું હતું.

ત્યારબાદ પારાયણની પૂર્ણાહુતિ - પોથી - વક્તાપૂજન - આરતી - સંતપૂજન - યજમાનોનું સન્માન - મહેમાનોનુ સ્વાગત-સન્માન બાદ નિજ મંદિરમાં દેવ સમક્ષ વિવિધ વાનગીઓનો સુંદર ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ આરતી સંતો સાથે યજમાનશ્રીઓએ ઉતારી હતી. ઘણા ભક્તોએ અન્નકૂટ દર્શન કરી ધન્ય બન્યા હતા. ઉત્સવ દરમ્યાન દરરોજ સૌ હરિભક્તોને મહાપ્રસાદ જમાડવામાં આવતો હતો. રસોડાની સેવા અહીંના મહિલા મંડળે સુંદર રીતે બજાવી હતી.

ત્રણ દિવસ સુધી સંતો દ્વારા જ્ઞાન-આશીર્વાદ સૌને મળ્યા. નાના મોટા સૌ હરિભક્તોની સેવા ખૂબ પ્રેરણારૂપ હતી. પાટોત્સવમાં નાની-મોટી સેવા કરી યજમાન બની શ્રી નરનારાયણદેવ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો મેળવ્યો હતો. બ્રાઈટનના મુખ્ય ભક્ત શ્રી વિરજીભાઈ રૂપાણીએ મુખ્ય યજમાન બની લાભ લીધો હતો. ઉમેશભાઈ પટેલે સુંદર સંચાલન કર્યું હતુ. પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈએ સુંદર વ્યવસ્થા કરી હતી.

પ્રયાગરાજથી પધારેલ મહંત સ્વામી તથા સંતોએ પ્રવચન દ્વારા શ્રી નરનારાયણદેવની અડગ નિષ્ઠા અને ધર્મકુળના મહિમાની વાતો કરી હતી.

ચારેય મંદિરોના પાટોત્સવમાં સૌ હરિભક્તોએ પધારી સેવા કરી તે બદલ આઈ.એસ.એસ.ઓ. યુ.કે.ના પ્રેસિડેન્ટ શ્રી અશોકભાઈ હિરાણીએ ખૂબ આભાર માની આજ રીતે ભેગા મળી મહોત્સવો ઉજવીએ એવી આશા વ્યક્ત કરી સભા પૂર્ણ થઈ હતી.

(નારાયણસ્વરૂપ સ્વામી - પ્રયાગ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યોને ખાસ સૂચન**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈપૂર્વક સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. પોસ્ટમાં જાતે ઉભા રહીને જે તે વિસ્તારના પીન કોડ મુજબ જ પેક કરેલા બંડલો મૂકવામાં આવે છે. છતાં પણ કોઈને અંક ગેરવલ્લે જાય તો ૨૦ તારીખ બાદ મોબાઈલ નંબર **૯૦૯૯૦૯૮૯૬૯ ઉપર સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ દરમ્યાન** ફોન કરવો. પોતાનો **ગ્રાહક નંબર ખાસ જણાવવો. ગ્રાહક નંબર વગર કોઈ ફરિયાદ લેવામાં નહીં આવે.** સ્ટોકમાં અંક હશે તો ફરીવાર પોસ્ટથી મોકલવામાં આવશે. વારંવાર અંક અનિયમિત અથવા ન જ મળતો હોય તો આપની સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરિયાદ આપવી જરૂરી છે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| શ્રાવણ સુદ-૧ | પટેલ જગદીશભાઈ અ.નિ. ટોમીભાઈના મોક્ષાર્થે (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| શ્રાવણ સુદ-૧ | વેલાણી લાલજી હરજી (ચુરમાના લાડુ) | કચ્છ |
| શ્રાવણ સુદ-૧ | અ.નિ. ભીમજીભાઈ રામજીભાઈ પિંડોરીયા | સામત્રા-કચ્છ |
| શ્રાવણ સુદ-૫ | સોની કુંદનબેન સુરેશભાઈ (દૂધપાક-પુરી) | |
| શ્રાવણ સુદ-૫ | સુથાર આનંદકુમાર પ્રવિણચંદ્ર (બુંદીના લાડુ) | બાલાસિનોર |
| શ્રાવણ સુદ-૫ | સિંધવ કરશનભાઈ નાનુભાઈ (બુંદીના લાડુ) | બળોલ-ભાલ |
| શ્રાવણ સુદ-૫ | ભૂડીયા રવજી માળજી (બુંદીના લાડુ) | માધાપર-કચ્છ |
| શ્રાવણ સુદ-૬ | પટેલ અશોકભાઈ કચરદાસ (મગસના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૮ | પટેલ પૂરવકુમાર કનુભાઈ (મોહનથાળ) | આકરૂંદ |
| શ્રાવણ સુદ-૮ | પટેલ અંજલેશકુમાર યશવંતલાલ (મોહનથાળ) | ગાંધીનગર |
| શ્રાવણ સુદ-૧૦ | ડૉ. ઈશ્વરભાઈ અરજણભાઈ સુહાગીયા (બુંદીના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૧ | પટેલ ઘનશ્યામભાઈ દલસુખભાઈ (ટોપરાપાક ફરાળ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૨ | ઈન્દ્રવદન નાનાલાલ (મોહનથાળ) | ગોધરા |
| શ્રાવણ સુદ-૧૨ | પાટીલ ડોગરસિંહ ધના (મોહનથાળ) | સાકરી |
| શ્રાવણ સુદ-૧૨ | પટેલ કેશાભાઈ આદરભાઈ પ્રભુદાસ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| શ્રાવણ સુદ-૧૨ | પટેલ જેઠાલાલ નારણદાસ (ચુરમાના લાડુ) | ઉંઝા |
| શ્રાવણ સુદ-૧૨ | ગજ્જર વાસુદેવભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૨ | પટેલ સૂર્યાબેન ભરતકુમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૨ | ખેતાણી કાંતાબેન પ્રેમજી (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| શ્રાવણ સુદ-૧૨ | દેવેન્દ્રભાઈ ધીરૂભાઈ (મોહનથાળ) | બાપુનગર |
| શ્રાવણ સુદ-૧૩ | પટેલ ભાવેશભાઈ જયંતીભાઈ (મોહનથાળ) | આકરૂંદ |
| શ્રાવણ સુદ-૧૪ | ટાંક ભારતીબેન બિપીનભાઈ (મગસ) | કાંદીવલી-મુંબઈ |
| શ્રાવણ સુદ-૧૪ | અ.નિ. દેવજી વેલજી ગોરસીયા (મગસ) | સુખપર-કચ્છ |
| શ્રાવણ સુદ-૧૫ | લક્ષ્મણભાઈ, દેવેન્દ્રભાઈ, દિનેશભાઈ | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧ | પટેલ નટવરભાઈ ગંગારામભાઈ (મગસ) | પંઢરપુર |
| શ્રાવણ વદ-૧ | માંગુકીયા ચંદ્રિકાબેન લલ્લુભાઈ (મગસ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૨ | ગજ્જર વર્ષાબેન મનોજકુમાર (ચુરમાના લાડુ) | પ્રાંતિજ |
| શ્રાવણ વદ-૨ | પટેલ મંથનભાઈ કે. (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૨ | પટેલ જીજ્ઞેશભાઈ શંકરભાઈ (મોહનથાળ) | ધનસુરા |
| શ્રાવણ વદ-૩/૪ | ઝુંડાલ શ્રી નરનારાયણદેવ પદયાત્રા સંઘ (મોહનથાળ) | ઝુંડાલ |
| શ્રાવણ વદ-૩/૪ | રૂપાલીબેન નિમેષભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૩/૪ | અ.નિ. પટેલ ભીખાભાઈ બેચરદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૩/૪ | લાલભાઈ મગનભાઈ પટેલ (મોહનથાળ) | ઉનાવા |
| શ્રાવણ વદ-૩/૪ | ચૌધરી બળદેવભાઈ ગોવાભાઈ (મોહનથાળ) | બાલવા |
| શ્રાવણ વદ-૩/૪ | પટેલ કંકુબેન મણીલાલ (મોહનથાળ) | વાગોસણા |
| શ્રાવણ વદ-૩/૪ | ગં.સ્વ. શારદાબેન કાશીભાઈ (મોતૈયા લાડુ) | લસુન્દ્રા |
| શ્રાવણ વદ-૩/૪ | બાવડા અમરતલાલ શિવલાલ (મોહનથાળ) | જામનગર |
| શ્રાવણ વદ-૫ | અ.નિ. પ્રેમચંદ દામોદરદાસ પારેખ (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૫ | અ.નિ. પટેલ મીનાબેન ઈશ્વરભાઈ (મગસ) | રનેલા |

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| શ્રાવણ વદ-૫ | અ.નિ. ચૌધરી દશરથભાઈ (મગસ) | ભીમપુરા |
| શ્રાવણ વદ-૫ | ગાજપરીયા લાલજી મનજી (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| શ્રાવણ વદ-૭ | અ.નિ. પટેલ લક્ષ્મણભાઈ દેવકરણભાઈ (મોહનથાળ) | ઉંઝા |
| શ્રાવણ વદ-૮ | શૈલજી જયંત મસ્કી (ટોપરા પાક) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૯ | પટેલ ગીરીશભાઈ રાવજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૯ | પટેલ રાજુભાઈ કેશવલાલ (મોહનથાળ) | બાપુનગર |
| શ્રાવણ વદ-૯ | અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ (મોહનથાળ) | સુરત |
| શ્રાવણ વદ-૯ | ધીરૂભાઈ (ફરાળી લોટવાળા) (ચુરમાના લાડુ) | બાપુનગર |
| શ્રાવણ વદ-૧૦ | પટેલ ચંચળબેન દેવજીભાઈ (મગસ) | રાયણીયા |
| શ્રાવણ વદ-૧૦ | પટેલ મહેન્દ્રભાઈ ઈશ્વરદાસ (મગસ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૦ | સોરઠીયા રંભાબેન જાદવભાઈ (દૂધપાક-પુરી) | સુરત |
| શ્રાવણ વદ-૧૨ | એક હરિભક્ત (મગસ) | રાણીપ |
| શ્રાવણ વદ-૧૨ | પટેલ મણીલાલ ભુદરભાઈ (મગસ) | જરવલા |
| શ્રાવણ વદ-૧૨ | પટેલ ફાલ્ગુનીબેન નવિનભાઈ (મગસ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૨ | દયારામભાઈ મગનભાઈ (મગસ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૨ | પટેલ રેખાબેન કમલેશભાઈ (મગસ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૩ | અ.નિ. સુપુત્રી કાંતાબેન માવજીભાઈ ટાંક (મગસ) | જીરાગઢ-લેસ્ટર |
| શ્રાવણ વદ-૧૩ | શેઠ તનુમતીબેન રજનીકાંત (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૩ | પટેલ મહેન્દ્રભાઈ શંકરભાઈ (મગસ) | ધનસુરા |
| શ્રાવણ વદ-૧૩ | પટેલ ધર્મિષ્ઠાબેન કીર્તનભાઈ (મોહનથાળ) | ધમીજ |
| શ્રાવણ વદ-૧૪ | પૂ. જોગી સ્વામીની ૫ મી પુણ્યતિથિ નિમિત્તે (મોતૈયા લાડુ) | |
| શ્રાવણ વદ-૩૦ | પટેલ લાલભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | વાવોલ |
| શ્રાવણ વદ-૩૦ | પટેલ સવિતાબેન ત્રિકમભાઈ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| શ્રાવણ વદ-૩૦ | અંબિકા ટ્રેડીંગ કંુ. કમલેશભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |

## સંપ્રદાયના દરેક ગામોમાં ઉજવાતા ઉત્સવોની માહિતી મોકલવા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં વર્ષ દરમ્યાન ઉજવાતા પ્રતિષ્ઠા મહોત્સવ, પાટોત્સવ, કથા પારાયણ આદિ પ્રસંગોની આમંત્રણ પત્રિકા અથવા કાર્ડ પ્રકાશિત થયેલા હોય તે આપણા કાલુપુર શ્રીસ્વામિનારાયણ મંદિરના અથવા શ્રી સ્વામિનારાયણ માસિકના ઈ-મેઈલ આઈ.ડી. ઉપર ખાસ મેઈલ કરવો. જેથી **તેની જાહેરાત કથા ચેનલ** ઉપર કરવામાં આવશે. જેથી સમગ્ર સત્સંગને આપણા ઉત્સવની માહિતી અને જાણકારી મળી રહે.

## સંપ્રદાયનું ગૌરવ

આપણા શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન અને ધર્મકુળના કૃપા પાત્ર પ.ભ. શ્રી જેઠાલાલ સવાણી (કચ્છ કેરાના વતની હાલ લંડન) એ આપણા સંપ્રદાય અને વિશિષ્ટાદ્વૈત મત ઉપર આપણા સંપ્રદાયના શાસ્ત્રોનો સાર લઈ બનારસ હિન્દુ યુનિર્વસીટીમાંથી મહાનિબંધ તૈયાર કરી પી.એચ.ડી. ની ડીગ્રીનું ગૌરવ પદ મેળવ્યું છે. જેઓએ શ્રી નરનારાયણદેવ દેશના અનેક પ્રસિધ્ધ ગ્રંથોનું અંગ્રેજીમાં અનુવાદ કરીને મોટી સેવા કરી છે. જેમના આવા ગૌરવ બદલ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ રમણીકભાઈ, કાચા ટેલર્સ-લેસ્ટર
ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ. કપીલભાઈ,સૂરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ, સહજ અને વિહાત આદિ પરિવાર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ-ધર્મકુળ પ્રસન્નાર્થે કચ્છ-ઈસ્ટલંડન
૧૦૦/- અ.નિ. ભાસ્કરભાઈ બચુભાઈના સ્મરણાર્થે નાંદોલ
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિન ધીરૂભાઈ ના સ્મરણાર્થે જાંબુડાવાળા
૧૦૦/- ટાંક અંકિત, નિમેષ, નિયતિ, બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- પટેલ કૃર્ષિલ મહેન્દ્રકુમાર કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે રાણીપ
૧૧૧/- મોદી હરિકૃષ્ણ કેશવલાલ કોઠારી પુત્રીના ત્યાં ભાણાના જન્મ પ્રસંગે પ્રાંતિજ
૧૦૦/- મોદી ધવલ રોહિતભાઈ ૨૦ માં જન્મ દિને દહેગામ
૧૧૦૦/- ચૌધરી ડી.બી. ચિ. સન્નિને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે ભીમપુરા
૨૦૧/- ડાભી દેવેન્દ્રસિંહ પ્રભાતસિંહ નવી ગાડી અને જન્મ દિને ડાંગરવા
૧૧૦/- પરમાર રમાબેન બેચરભાઈ ચિ. જીગરને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે ટીંબાવાળા
૧૦૦/- પટેલ ગોવિંદભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વડુવાળા
૧૦૦/- પટેલ માનસી કમલેશભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે હિરાવાડી
૧૦૦/- પટેલ ફેનિલ કમલેશભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે હિરાવાડી
૧૦૧/- પટેલ ભૂમિ જયંતીભાઈ કેનેડાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે નિકોલ
૧૦૦/- પટેલ પરેશ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- વાઘેલા ધૈર્યરાજસિંહ જયદિપસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- વાઘેલા અંશરાજસિંહ દિગ્વિજયસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- વાઘેલા યુગદિપસિંહ મહેન્દ્રસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- વાઘેલા ઓમરાજસિંહ ધર્મેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા પૂર્વરાજસિંહ મેહુલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે મિતલી
૧૦૧/- પરમાર રણજીતસિંહ કનુભા શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૧૧/- મોદી કૈલાશબેન જયંતીલાલ ચિ. દર્શનની બાબરી નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચોટલીયા હરસુખ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૧/- ચૌહાણ પ્રેમ જયદિપભાઈ જન્મ દિને રાજકોટ
૨૫૧/- અ.નિ. પ્રજાપતિ રામજીબેન માવજીભાઈ પુણ્યતિથિ નિમિત્તે બાવળા
૨૫૧/- અ.નિ. હમીરાણી મંજુલાબેન લાલજીભાઈ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પાઠક દેવાંશી રાજેશ સીબીએસઈમાં ધો-૧૦ માં ૯૨ ટકા નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- સીતાપરા નિર્મળ ગોરધનભાઈ પુત્રના જન્મ પ્રસંગે બાપુનગર
૨૦૦/- પટેલ દિવ્યા ધિરેનભાઈ જન્મ દિને સાબરમતી
૧૦૧/- પટેલ સવિતાબેન પ્રહલાદભાઈ અમેરિકામાં પરિવારના સુખાર્થે કોઠા
૧૫૧/- પટેલ ઉષાબેન દિલીપભાઈ ચિ. ખુશ્બુના શ્રીમંત નિમિત્તે અમદાવાદ
૧૫૦/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ જન્મ દિને ડેમાઈ
૧૦૧/- ભાવસાર સાવિત્રીબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નવાવાડજ
૧૦૧/- ત્રિવેદી રૂદ્ર ગૌરાંગભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ મનહરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- ખેર ઘનશ્યામભાઈ શાંતિભાઈ ચિ. ટવિંકલના વેવિશાળ નિમિત્તે બળોલ-ભાલ
૧૫૧/- દસાડીયા મુકેશભાઈ ચિ. રેખાને શ્રીહરિ કૃપાથી સારુ થયું તે નિમિત્તે નરોડા
૧૦૦/- પટેલ વિનોદભાઈ ગિરધભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ ધૈર્ય મયુરભાઈ જન્મ દિને મોટપ
૧૦૦/- પટેલ જય ભાવેશ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે હિરામોતી
૧૦૦/- પટેલ નિમિષ ચિમનલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- પટેલ રાજ ભરતકુમાર ધો-૧૨ સાયન્સમાં ૯૨ ટકા આવ્યા તે નિમિત્ત કલોલ

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલીમાં દર ત્રીજા રવિવારે સત્સંગ સભા**

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર વાસણા-અંજલી ખાતે દર માસના ત્રીજા રવિવારે સાંજે ૬-૦૦ થી ૭-૦૦ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

વાસણા, વેજલપુર, જીવરાજપાર્ક, સેટેલાઈટ અને પાલડી વિસ્તારના હરિભક્તોએ ખાસ લાભ લેવો. (મહંત સ્વામી - અંજલી)

| | | |
|---|---|---|
| ૧૦૧/- | પટેલ રોમા ભરતકુમાર બી. ફામ થયા તે નિમિત્તે | કલોલ |
| ૧૫૧/- | પિત્રોડા માલવ રાજેશભાઈ જન્મ દિને તા. ૨-૯ | અમદાવાદ |
| ૧૦૧/- | એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૫૧/- | પિત્રોડા નિર્મળાબેન ઈશ્વરલાલના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ જય એમ. કેનેડા અભ્યાસાર્થે ગયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૫૧/- | આદ્રોજા મૌલિક પ્રાણજીવનભાઈ જન્મ દિને | મોરબી |
| ૧૦૧/- | અ.નિ. રૂપાવટીયા નંદુબેન શામજીભાઈ પુણ્ય તિથિ નિમિત્તે | સનાળા |
| ૧૦૧/- | રૂપાવટીયા કાવ્યાબેન મયુરભાઈ જન્મ દિને | સનાળા |
| ૧૦૧/- | ખેર લાભુભાઈ નારણભાઈ ચિ. નેહલબા અમેરિકા ગયા તે નિમિત્તે | બલોલ-ભાલ |
| ૧૧૦/- | પોરીયા વિજય રાઘવજી લક્ષ્મણ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | રાજકોટ |
| ૧૦૦/- | પટેલ અનંતિકા ચંદ્રેશકુમાર જન્મ દિને તા. ૯-૯ | આકરૂંદ |
| ૨૦૦/- | પટેલ ધરાબેન પ્રવિણભાઈ અમેરિકાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે | કલોલ |
| ૨૦૦/- | પટેલ ચંચળબેન ચંદુભાઈ શ્રાવણ માસ નિમિત્તે | મોટેરા |
| ૧૦૦/- | પટેલ રતિલાલ ઈશ્વરભાઈ શ્રાવણ માસ નિમિત્તે | મોટેરા |
| ૧૦૧/- | પંચાલ શોર્ય અમરીષકુમાર જન્મ દિને | ઉનાવા |
| ૨૦૧/- | પટેલ નવીનતભાઈ કાંતિભાઈ નવી જોબ નિમિત્તે | ચડાસણા |
| ૧૦૧/- | પટેલ તથ્ય નવનીતભાઈ જન્મ દિને | ચડાસણા |
| ૨૦૨/- | કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧/- | કા. નિલમબેન નિતિનકુમાર જન્મ દિને | કપડવંજ |
| ૧૦૦/- | પટેલ ધ્રુવેશ અશ્વિનભાઈ એન્જી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | મોદી અમરતલાલ મગનલાલ જલઝીલણી એકાદશી નિમિત્તે | સેટેલાઈટ |
| ૧૦૦/- | અ.નિ. પટેલ કમળાબેન રામભાઈના સ્મરણાર્થે | મોખાસણ |
| ૧૦૦/- | ખેર ગટોરભાઈ માલુભાઈ પુણ્ય તિથિ નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૦/- | પટેલ ત્રિશા દેવાંગભાઈ જન્મ દિને | મોટેરા |
| ૧૦૧/- | અ.નિ. કોઠારી લવજીદાસ તારાચંદ ચિ. ધનશ્યામભાઈના જન્મ દિને | મેઉ |
| ૫૦૦/- | પટેલ મફતભાઈ ભગાભાઈ નારણભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધમાસણા |
| ૫૦૦/- | પટેલ મિતેષભાઈ મફતભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધમાસણા |
| ૫૦૦/- | પટેલ વૃંદા મેહુલ રમણભાઈ જન્મ દિને | વાવોલ |
| ૧૦૦/- | પટેલ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડભોડા |
| ૫૦૦/- | પટેલ હેત ચંદ્રેશભાઈ જન્મ દિને | અસલાલી |
| ૧૫૧/- | રાજપૂત શ્લોક અંકિતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | ઠક્કર અપેક્ષાબેન અંકિતકુમાર જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૧/- | અ.નિ. પટેલ પરસોતમદાસ કેશવલાલ પુણ્યતિથિ નિમિત્તે | નરોડા |
| ૫૦૦/- | પટેલ કમલેશ એમ. ચિ. મિત્સુ કેનેડા ગયો તે નિમિત્તે | ગાંધીનગર |
| ૨૫૧/- | પટેલ સાગરકુમાર મંગળદાસ એસ. ચિ. આર્યાના જન્મ દિને | વાવોલ |
| ૧૫૧/- | પટેલ પુખરાજ ચિમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પોર |
| ૫૦૦/- | ચૌહાણ કનૈયાલાલ પરસોતમદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | કલોલ |
| ૧૫૧/- | પટેલ ઉર્મિક રમેશભાઈ પુત્ર જન્મ પ્રસંગે તા. ૧૪-૯ | ધમાસણા |
| ૧૫૧/- | પરમાર સુનલ એમ. શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૧૦/- | પટેલ દિનેશભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | આકરૂંદ |
| ૧૦૧/- | પટેલ જીતેન્દ્ર ડી. શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧/- | પટેલ બિનલ ધવલભાઈ પુત્રીના જન્મ પ્રસંગે | મુંબઈ |
| ૫૦૧/- | ટાંક અમરશીભાઈ ખીમજીભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂડકોટ |
| ૨૦૦/- | પટેલ યોગેશભાઈ ગુણવંતભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | બાન્ટાઈ |
| ૧૦૧/- | અ.નિ. દિવાળીબેન રાવજીભાઈ ચૌહાણના સ્મરણાર્થે | ધૂડકોટ |
| ૧૦૦/- | પટેલ સ્નેહલ વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૧૦૧/- | વાઘેલા વિલાસબા દિલીપસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | અ.નિ. પટેલ હિરાબેન રણછોડભાઈ પુણ્ય તિથિ નિમિત્તે | સઈજ |
| ૫૦૦/- | ચૌધરી હિરાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી શાંતાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી પુરીબેન દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૩૦૦/- | પટેલ સંસ્કાર ગોપાળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૨૦૦/- | પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૦/- | દવે રાજુભાઈ નલીનકુમાર જન્મ દિને | કાલીયાણા |
| ૧૦૦/- | અ.નિ. ચૌહાણ પ્રાગજીભાઈ મોહનભાઈના સ્મરણાર્થે | નવસારી |
| ૧૦૧/- | વાઘેલા યશપાલસિંહ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | વાઘેલા અંશરાજસિંહ પૃથ્વીરાજસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | પટેલ રોહિતભાઈ પ્રહલાદભાઈ ઘરે મહાપૂજા નિમિત્તે | ભાઉપુરા |
| ૩૦૦/- | ચૌધરી પંકજ વિષ્ણુભાઈ ચિ. પલ અને નવ્યા સ્વદેશ આવ્યા તે નિમિત્તે | સોલૈયા |
| ૫૦૧/- | પટેલ સોમાભાઈ મગનભાઈ શ્રાધ્ધ નિમિત્તે | કાસીન્દ્રા |
| ૨૦૦/- | પટેલ કિસ્તીબેન ચિરાગકુમાર જન્મ દિને | કુબડથલ |
| ૧૦૦/- | વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગરોડીયા |

**નવા વર્ષના કેલેન્ડર અને દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે**

સમસ્ત સત્સંગી હરિભક્તોને સહર્ષ જણાવવાનું કે, નૂતન વર્ષના સંવત ૨૦૭૩ ના દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે. તથા નવા વર્ષના સુંદર આકર્ષક કેલેન્ડર પણ પ્રકાશિત થઈ ગયા છે. જે સૌએ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સાહિત્ય કેન્દ્રમાંથી મેળવી લેવા.

૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૨૦૦/- પટેલ દેવેન્દ્ર ભરતલાલ જોબ મળી તે નિમિત્તે કડી
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- મોરી વસુભાઈ કમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- ડાભી દિલીપસિંહ આર. ડાંગરવા
ભાણીબા પ્રિયંકાબા એમ.સી.એ. થયા તે નિમિત્તે
૧૦૦/- અ.નિ. વઢેલ કલ્પેશભાઈ ધનાભાઈના સ્મરણાર્થે એરવાડા
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૨૦૦/- પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ નાંદોલ
પગના જોઈન્ટનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૨૫૧/- પટેલ અનુજ વિનોદભાઈ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે ડાંગરવા
૨૦૦/- ડાભી મહેન્દ્રસિંહ બાબુજી શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા
૧૦૧/- જયસ્વાલ સંજયભાઈ કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ ચિરાગકુમાર પિયુષભાઈ જોબ મળી તે નિમિત્તે સૂકાટીંબા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- મોદી લીલાબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૫૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ કરજીસણ
માતા પિતાના શ્રાધ્ધ નિમિત્તે
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સંતરામપુર
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે સંતરામપુર
૧૦૦/- પટેલ દક્ષ પ્રવિણભાઈ જન્મ દિને અમદાવાદ
૩૦૦/- પટેલ રાઈજીભાઈ નાથાભાઈ કોઠંબા
નવું ગાંસડી મશીન અને નવી પીકઅપ નિમિત્તે
૧૦૦/- ધરણી શિરાલી ઉન્નત શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૦/- પટેલ ચંદ્રેશકુમાર પરિવાર આકરૂંદ
અ.નિ. પાર્ષદ દિગંબર ભગતના શ્રાધ્ધ નિમિત્તે
૧૦૦/- પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ દાદાના શ્રાધ્ધ નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટલ રમણભાઈ કિશોરભાઈ શ્રાધ્ધ નિમિત્તે કરજીસણ
૧૦૧/- પટેલ શૈલેષકુમાર રમણલાલ ડી-કેબીન
સૂરજબાની પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- ચૌહાણ પ્રભાતસિંહ ગગુભાઈ પુત્રના લગ્ન પ્રસંગે ગાંધીનગર
૨૫૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ આણંદપુર-ભાલ
ચિ. દિવાકરને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે
૧૦૦/- કા. પટેલ ગોપાલભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૫૦૦/- પટેલ માહીબેન બિપીનકુમાર તા. ૨૦-૯ જન્મ દિને અમદાવાદ
૧૫૧/- સ્વીટી અને અભિષેક અમદાવાદ
શ્રીહરિ કૃપાથી કેનેડામાં નવું ઘર લીધું તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. ભાવસાર મધુબેન મફતલાલના સ્મરણાર્થે અમદાવાદ
૨૫૧/- અ.નિ. પટેલ બિપીનચંદ્ર કેશવલાલ પુણ્ય તિથિ નિમિત્તે અસલાલી
૩૦૦/- અ.નિ. પટેલ વિશાલ સુરેશભાઈ ૧૪ મી પુણ્ય તિથિ નિમિત્તે વાવોલ
૫૦૦/- પટેલ દક્ષેશ પ્રહલાદભાઈ અમદાવાદ
નિરમા યુનિ. માં એડમીશન નિમિત્તે
૧૦૦/- પટેલ કકુબેન ઈશ્વરભાઈ અમદાવાદ
મોતિયાનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૦/- પટેલ રિષપકુમાર દિપકકુમાર જન્મ દિને દેલવાડા
૧૦૧/- પટેલ તારક અશ્વિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધરા
૧૦૦/- ભટ્ટ તપન નરેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે લીંબડી
૧૦૦/- પટેલ ચેતનાબેન રાજેન્દ્રકુમાર શ્રાવણ માસ નિમિત્તે વાગોસણા
૧૦૧/- મકવાણા કિરીટભાઈ કલ્યાણજી શ્રીજી પ્રસન્નાર્થે વાપી
૨૦૧/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ ઝુલાસણ
દાદા-દાદીના શ્રાધ્ધ નિમિત્તે
૧૦૦/- કા. હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- ઠક્કર કિરીટકુમાર નટવરલાલ ખંભાત
ચિ. ઉત્સવ યુ.એલ. માં MAS ચેમ્પિયન થયા તે નિમિત્તે
૧૦૦/- મિરાણી મહેન્દ્ર બી. પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આદીપુર-કચ્છ
૧૦૦/- અ.નિ. વિઠ્ઠલભાઈ મોતીદાસ શ્રાધ્ધ નિમિત્તે વાગોસાણા
૧૦૦/- અ.નિ. પટેલ કમળાબેન ગાંડાલાલ શ્રાધ્ધ નિમિત્તે વાગોસણા

**અક્ષરવાસ**

**અમદાવાદ કાલુપુર મંદિર : શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સંત અને ધોળકા મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી તા. ૧૩-૯-૨૦૧૬ ના ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. આવા વિદ્વાન અને સક્રિય સંતના અક્ષરવાસથી અમદાવાદ દેશને મોટી ખોટ પડી છે.**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




















૧.કાલુપુર મંદિરમાં જલઝીલણી એકાદશી અને વામન જયંતીના ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા નારણઘાટ મંદિરમાં શ્રી ગણપતિજીનું પૂજન કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી ૨.સર્વોપરિ ધામ છપૈયા જતા રસ્તામાં આવતા કોટા શહેરમાં નૂતન મંદિર અને ધર્મશાળાનો સૂચિત પ્લાન તથા શિલાન્યાસ વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩.રાજસ્થાનના બાડમેર જીલ્લાના ખારવા ગામે નૂતન મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. એપ્રોચ (બાપુનગર) મંદિરમાં સત્સંગ શિબિર પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૫.અમદાવાદ કાલુપુર મંદિરમાં શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ બિરાજીત અક્ષર ભુવનનું જીર્ણોધ્ધારનું કાર્ય ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે.તે અંગેની સેવા કાલુપુર મંદિરના કોઠારમાં નોંધાવી શકાય છે.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017



પર્યાવરણની જાળવણી માટે આપણા મ્યુઝિયમમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પ્રેરિત "પ્રીઝર્વેશન પ્લસ" પ્રોજેક્ટના અનુલક્ષમાં કોલી (યુ.કે)મંદિરના પટાંગણમાં પ.પૂ.મોટા મહારાજશ્રીના સંકલ્પથી વૃક્ષારોપણ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.












૧.કોલોનીયા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી. ૨.ઓકલેન્ડ(ન્યુઝિલેન્ડ) મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી. ૩.સ્ટ્રેધામ મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઠાકોરજીનો અભિષેક કરતા અમદાવાદ, મૂળી અને પ્રયાગ મંદિરના સંતો. ૪.સીડની (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી.





## કેલેન્ડર - ૨૦૧૬-૧૭

પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (અમદાવાદ) દ્વારા
નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત થઈ ચૂક્યા છે.

**કિંમત રૂા. ૧૦/- પ્રતિ કેલેન્ડર**

સૌજન્ય માટે સંપર્કઃ- ૯૮૨૪૦ ૩૩૧૭૫, ૯૬૬૨૦ ૨૧૮૨૯

Email : ahmedabad@nndym.in

નોંધ :- ઓછામાં ઓછા ૨૫૦ કેલેન્ડર છાપવામાં આવશે.

**કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો નવો નંબર :- ૮૨૩૮૦ ૦૧૬૬૬**

Praful Kharsani